RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક
# અખંડ ભારત
AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે


તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષઃ ૧૪ ● અંકઃ ૭૪● તારીખઃ ૨૪-૦૬-૨૦૨૫, મંગળવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## ઈરાનનાં પરમાણુ ઠેકાણાં પર એરસ્ટ્રાઇક કર્યા પછી સમગ્ર અમેરિકામાં હાઈ-એલર્ટ જાહેર

ઈરાનનાં પરમાણુ ઠેકાણાં પર એર-સ્ટ્રાઈક પછી સમગ્ર અમેરિકામાં હાઈ એલર્ટ જાહેર કરાયો છે. દરમિયાન ઈરાનનાં પરમાણુ સંસ્થાનોના નાશ પછી ધૂંધવાઈ ગયેલા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલિ ખામેનીએ ખુલ્લો પડકાર ફેંકતાં જણાવી દીધું છે કે, પૂર્વે કદી ન જોઈ હોય તેવી તબાહી માટે હવે અમેરિકા તૈયાર રહે. આ સાથે ન્યૂયોર્કનાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર ઓસામા બિન લાદેને કરાવેલા સંહારક એરોપ્લેન-હુમલાની યાદ પણ તાજી થઈ ગઈ છે.

સંભવ બહુ સ્પષ્ટ છે કે ટ્રમ્પે આ પ્રચંડ હુમલાઓ પૂર્વે દેશની આંતરિક સલામતી વિષે વિચારી જ લીધું હશે. અમેરિકાનાં દરેક શહેરોમાં વિશેષતઃ મોટાં શહેરોમાં નાગરિકોને કોઈ પણ શંકાસ્પદ વસ્તુથી દૂર રહેવા જણાવી દીધું છે. સાથે તેવી પણ સૂચના આપી છે કે કોઈપણ શંકાસ્પદ હીલ-ચાલ જોવા મળે કે કોઈ શંકાસ્પદ વસ્તુ જોવા મળે તો તુર્ત જ પોલીસને જાણ કરવી. વાત બહુ સીધી છે. મધ્યપૂર્વની સ્થિતિ લગભગ વિસ્ફોટક બની રહેતાં સત્તાવાળાઓએ આ ચેતવણી આપી છે, સાથે અગ્નિ-શામકો અને આપત્તિ કાલીન સહાયકર્મીઓ તેમજ સ્વયં સેવકોને તૈનાત રહેવા જણાવી દેવાયું છે. ન્યૂયોર્ક સીટી પોલીસે જણાવ્યું હતું કે ઈરાનમાં બની રહેલી ઘટનાઓ ઉપર તેઓ સતત નજર રાખી રહ્યાં છે. ન્યૂયોર્કમાં રહેલાં




તમામ ધાર્મિક સંસ્થાનો, સાંસ્કૃતિક કેન્દ્રો, શૈક્ષણિક કેન્દ્રો અને રાજદ્વારી કાર્યાલયોની સલામતી માટે સવિશેષ વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. મિત્ર દેશોના દૂતાવાસોનાં રક્ષણ માટે પૂરી તકેદારી રાખવામાં આવી રહી છે. કોઈ પણ પ્રકારની ભીતિ માટે અમે સતત જાગૃત છીએ. આ પછી લગભગ તુર્ત જ પાટનગર વૉશિંગ્ટન (ડીસી)નાં પોલીસ તંત્રે એક નિવેદન દ્વારા જણાવ્યું હતું કે, અમે સ્થાનિક, રાજ્યસ્તરની અને સમવાયતંત્રી લૉ-એન્ફોર્સમેન્ટ એજન્સી સાથે માહિતીની આપ-લે કરતા જ રહીએ છીએ. તેમજ જાસૂસી માહિતી પણ મેળવતા રહીએ છીએ. જેથી શહેરીજનો અને વ્યાપાર સંકુલો તેમજ ધાર્મિક સંસ્થાનોનું રક્ષણ કરવા પૂરી વ્યવસ્થા ગોઠવી રહ્યાં છીએ. અત્યારે કોઈ ભીતિ દેખાતી નથી પરંતુ ક્યારે શું થશે તે કહી શકાય તેમ નથી. લોસએન્જલસનાં મેયર કોરન બાસે X ઉપરના પોસ્ટમાં જણાવ્યું હતું કે ઈરાન પર હવાઈ હુમલા થયા પછી શહેરમાં નાગરિકોની સલામતી માટે અમે સતત સતર્ક રહ્યાં છીએ. ભલે તત્કાળ કોઈ ભીતિ દેખાતી ન હોય છતાં પરિસ્થિતિનો તકાદો જ તેવો છે કે જનતાની સલામતી માટે સતત તૈયાર રહેવું જ પડે તેમ છે.

દરમિયાન ખામેનીએ કહી દીધું છે કે પહેલાં કદી ન જોઈ હોય તેવી તબાહી માટે અમેરિકા તૈયાર રહે. ઈરાનનાં સ્ટેટ ટેલિવિઝને પણ ટ્રમ્પને ચેતવણી આપતાં કહ્યું છે કે, અમેરિકાએ અમારી આકાશ સીમા ભેદી છે. હવે પશ્ચિમ એશિયામાં રહેલાં દરેક અમેરિકન સૈનિક કે અમેરિકન નાગરિક અમારાં નિશાન પર છે.

## સ્કેચ ખોટા નીકળ્યાઃ પહલગામ હુમલા બાદ NIAની પૂછપરછમાં મોટો ખુલાસો

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં મોટો ઘટસ્ફોટ થયો છે. સુરક્ષા દળો જે પોસ્ટરના આધારે આતંકવાદીઓની શોધ કરી રહી છે, તે પોસ્ટર હુમલો કરનારા આતંકવાદીઓના છે જ નહીં.

નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી(NIA)ને ગઈકાલે મોટો પુરાવો મળ્યો છે. જેમાં હુમલાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનના રહેવાસી હતા. તેઓ પ્રતિબંધિત આતંકી જૂથ લશ્કર-એ તૈયબા સાથે જોડાયેલા હતા. આ ખુલાસો આતંકવાદીઓને મદદ કરનારા બે કાશ્મીરી નાગરિકો પરવેજ અહમદ જોથર અને બશીર અહમદ જોથરે કર્યો છે. આ બંને જણ પર આતંકવાદીઓને આશ્રય, ભોજન સહિતની અન્ય સુવિધાઓ પૂરી પાડી હોવાનો આરોપ છે. NIAને આ બંને આરોપીએ જણાવ્યું હતું કે, ૨૦ એપ્રિલની રાત્રે ત્રણેય આતંકવાદીઓ અમારા ઘરે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે




ભોજન, પૈસા અને કોઈને પણ જાણ ન કરવાની ધમકી આપી હતી. આ હુમલા બાદ જમ્મુ-કાશ્મીર પોલીસે જે ત્રણ સંદિગ્ધ (હાશિમ મૂસા, અલી ભાઈ ઉર્ફ તલ્હા અને આદિલ હુસૈન ઠોકર) આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા હતાં. તે ખોટા છે. વાસ્તવમાં પહલગામ હુમલામાં સામેલ આંતકવાદીઓમાંથી એકનું નામ સુલેમાન શાહ છે. જેણે ગતવર્ષે એક સુરંગ પર આતંકી હુમલો કર્યો હતો. આ હુમલામાં સાત મજૂરોના મોત થયા હતા. સુલેમાનના સાથીદાર જુનૈદ રમઝાન ભાટ ૪ ડિસેમ્બરના રોજ માર્યો ગયો હતો. તેના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી પહલગામ હુમલાના હુમલાખોરોની ઓળખ થઈ છે.

## હોર્મુઝ ખાડી બંધની મંજૂરી મળતાં વૈશ્વિક સ્તરે હલચલ

ઈરાનના પરમાણુ મથકો પર અમેરિકાના બોમ્બમારા બાદ ઈરાનની સંસદે એક એવો નિર્ણય લીધો છે જેની વિશ્વભરમાં મોટી અસર થઇ શકે છે. ઈરાનની સંસદે વિશ્વભરને ઓઈલ અને અન્ય ઈંધણ પુરુ પાડવા માટે મહત્વપૂર્ણ એવા એક સ્થળ હોર્મુઝ ખાડી એટલે કે જળડમરૂને બંધ કરી દેવાનો નિર્ણય લીધો છે. ઈરાનની સંસદ દ્વારા આ સ્થળને બંધ કરવાના નિર્ણયને મંજૂરી પણ આપી દીધી છે. ઈરાનના આ નિર્ણયથી વિશ્વભરમાં મોટાભાગના દેશોના ઈંધણ સપ્લાય પુરવઠા પર માઠી અસર થવાની ભીતિ છે. કેમ કે આ એક એવું સ્થળ છે જ્યાંથી વિશ્વભરમાં સપ્લાય થતા ઈંધણનો ૨૫ ટકા હિસ્સો પસાર થાય છે.

ઈરાનની નજીક આવેલા આ સ્થળને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ તરીકે ઓળખવામાં આવે છે, જે ફારસની ખાડી અને ઓમાનની ખાડી બન્નેને જોડતો એક સાંકડો હિસ્સો કે ખાડી છે. ઓઈલ સપ્લાય માટે આ સ્થળ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે કેમ કે ઈરાક,



કતર, ઈરાન, યુએઈ, કુવૈત, સાઉદી અરબ જેવા દેશોની ઓઈલની નિકાસ આ સ્થળેથી જ કરવામાં આવે છે. બન્ને સમુદ્રી તટની વચ્ચે માત્ર ૩૯ કિમીનું જ અંતર આવેલું છે જેને પગલે અહીંથી ઓઈલ પુરવઠો સપ્લાય કરવો વધુ સરળ માનવામાં આવે છે. વિશ્વનો ત્રીજા ભાગનો કુદરતી ગેસ અને ૨૫ વટા ક્રૂડ ઓઈલ આ સ્થળેથી પસાર થાય છે. આ સ્થળને ગેસ-ઓઈલ વેપાર માટેનું કેન્દ્રબિંદુ માનવામાં આવે છે.

તાજેતરમાં અમેરિકા દ્વારા ઈરાન પર બોમ્બમારો કરવામાં આવતા અચાનક જ ઈરાને આ સ્થળને બંધ કરવાનો નિર્ણય લીધો હોવાના અહેવાલો છે. ઈરાનની સંસદ મજલિસમાં આ સ્થળને બંધ કરવાની તરફેણમાં મતદાન કરવામાં આવ્યું હતું. આ જાણકારી ઈરાનના સરકારી મીડિયા પ્રેસટીવી દ્વારા આપવામાં આવી હતી. ઈરાનના સંસદસભ્ય ઈસ્માઈલ કોસવારીએ મીડિયાને આ સ્થળ બંધ કરવાના નિર્ણયની જાણકારી આપી હતી. જો કે અંતિમ નિર્ણય ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ દ્વારા લેવામાં આવશે.

## એર ઈન્ડિયાનો નિર્ણયઃ ૧૫ જુલાઈ સુધી કેટલાક રૂટ પર ફ્લાઇટ્સ ઘટાડી

એર ઈન્ડિયાએ પોતાની નેરોબોડી નેટવર્કમાં કામચલાઉ ઘટાડાની જાહેરાત કરી છે, જે ૧૫ જુલાઈ, ૨૦૨૫ સુધી લાગુ રહેશે. આ પગલું એરલાઇનની ઓપરેશનલ સ્થિરતા સુધારવા અને મુસાફરોને છેલ્લી ઘડીની મુશ્કેલીઓથી બચાવવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યું છે. આ ઘટાડા હેઠળ એર ઈન્ડિયાએ ત્રણ રૂટ પર તેની સેવાઓ સંપૂર્ણપણે બંધ કરી દીધી છે, જ્યારે ૧૯ અન્ય રૂટ પર ફ્લાઈટ્સની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો છે.

આ ફેરફાર છતા એર ઈન્ડિયા પોતાના નેરોબોડી વિમાનોથી દરરોજ લગભગ ૬૦૦ ઉડાનોનું સંચાલન શરૂ રાખશે, જે ૧૨૦ ડોમેસ્ટિક અને ઓછા અંતરના ઈન્ટરનેશનલ રૂટને કવર કરશે.

આ પગલું એરલાઈનની પ્રતિબદ્ધતાને દર્શાવે છે કે તેઓ સંચાલન સુરક્ષાને પ્રાથમિકતા આપતા મુસાફરોની સુવિધાઓનું સંપૂર્ણ ધ્યાન રાખે.



## ભારત નહીં માને તો ૬ નદીઓનું પાણી અટકાવશુંઃ પાકિસ્તાનની પોકળ ધમકી ફરીવાર

ભારતે સિંધુ જળ સમજૂતી સસ્પેન્ડ કર્યા બાદ પાકિસ્તાન ભયભીત થઈ ગયું છે, જેના કારણે તે વારંવાર પોકળ ધમકી આપી રહ્યો છે. હવે પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારી (Bilawal Bhutto Zardari)એ સિંધુ જળ સમજૂતી (Indus Water Treaty)નો ઉલ્લેખ કરી ભારતને યુદ્ધની ધમકી આપી છે. એટલું જ નહીં તેણે ઓપરેશન સિંદૂર (Operation Sindoro) અંગે પણ ખોટું બોલી પાકિસ્તાનની વાહવાહી કરી રહ્યા છે. ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનને મોટું નુકસાન પહોંચાડ્યું છે, છતાં ભુટ્ટોએ રાષ્ટ્રીય વિધાનસભામાં ખોટો પ્રચાર કરતા કહ્યું કે, 'યુદ્ધમાં આપણી જીત થઈ છે, અમે સિંધુ સમજૂતી માટે યુદ્ધ કરવા તૈયાર છીએ. અમે ભારતની તે ત્રણ નદીઓ પણ છીનવી લઈશું, જેનો તેઓ ઉપયોગ કરી રહ્યા છે.' તેણે કહ્યું કે, 'ભારતે સિંધુ સમજૂતી ખતમ થઈ હોવાનું કહ્યું છે. તેઓએ ગેરકાયદે રીતે સમજૂતીને હોલ્ડ પર રાખી છે. વર્લ્ડ બેંકે સિંધૂ જળ સમજૂતી કરાવી હતી, તેથી પાણી અટકાવવાની ધમકી આપવી સંયુક્ત રાષ્ટ્રના નિયમો વિરુદ્ધ છે અને ભારત તેને ખતમ ન કરી શકે. જો ભારત સમજૂતી ખતમ કરશે તો અમે ફરી એક યુદ્ધ લડવા માટે તૈયાર છીએ. અમે યુદ્ધના પરિણામ સ્વરૂપ ભારતની તે ત્રણ નદીઓ છીનવી લઈશું, જે ભારત પાસે છે. પછી આપણી પાસે ત્રણ નદીઓનું નહી, છ નદીઓનું પાણી હશે.'

# તંત્રી લેખ...

હોર્મુઝ સ્ટ્રેટ પર વધતા સંઘર્ષ વચ્ચે, ભારતે એક મોટું પગલું ભર્યું છે અને હવે મધ્ય પૂર્વના સપ્લાયર્સ કરતાં રશિયા અને અમેરિકાથી વધુ તેલ આયાત કરવામાં આવી રહ્યું છે. જો તમે આંકડાઓ પર નજર નાખો તો, જૂનમાં રશિયાથી તેલ આયાત ૨ વર્ષના ઉચ્ચ સ્તરે,જો આપણે વૈશ્વિક વેપાર વિશ્લેષક ફર્મ ના ડેટા પર નજર કરીએ તો, જૂનમાં ભારતે રશિયા અને અમેરિકાથી તેની તેલ આયાતમાં ભારે વધારો કર્યો છે, જે પરંપરાગત મધ્ય પૂર્વ સપ્લાયર્સની કુલ ખરીદી કરતાં વધી ગયો છે. જો આપણે કંપનીના ડેટા પર નજર કરીએ તો, ભારતીય રિફાઈનર્સ જૂનમાં દરરોજ ૨-૨.૨ મિલિયન બેરલ રશિયન ક્રૂડ ઓઈલ આયાત કરી રહ્યા છે, જે બે વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે.

અમેરિકાથી કાચા તેલની આયાત વિશે વાત કરીએ તો, જૂન મહિનામાં પણ તે વધીને ૪૩૯,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે, જે મે મહિનામાં ૨૮૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ હતી. જોકે પુરવઠો અત્યાર સુધી ઇઝરાયલ-ઈરાન સંઘર્ષથી પ્રભાવિત થયો નથી, જહાજોની પ્રવૃત્તિ સૂચવે છે કે આગામી દિવસોમાં મધ્ય પૂર્વમાંથી કાચા તેલના પરિવહનમાં ઘટાડો થશે. જહાજ માલિકો ખાડીમાં ખાલી ટેન્કર (બેલેસ્ટર) મોકલવામાં ખચકાટ અનુભવી રહ્યા છે, આવા જહાજોની સંખ્યા ૬૯ થી ઘટીને માત્ર ૪૦ થઈ ગઈ છે અને ઓમાનના અખાતથી MEG-બાઉન્ડ સિગ્નલ અડધી થઈ ગઈ છે.આ મહિને ૧ થી ૧૯ જૂન વચ્ચે, રશિયન શિપમેન્ટે ભારતના કુલ ક્રૂડ ઓઈલ આયાતના ૩૫ ટકા થી વધુને આવરી લીધા છે. રિટોલિયાએ કહ્યું છે કે જો ઈરાની પરમાણુ સ્થળો પર યુએસ હવાઈ હુમલા પછી હોર્મુઝ સ્ટ્રેટ પર સંઘર્ષ વધુ ઘેરો બને છે અથવા તેમાં કોઈ ટૂંકા ગાળાનો વિક્ષેપ આવે છે, તો રશિયન બેરલનો હિસ્સો વધુ વધશે, ભારત વધુ માલવાહક ખર્ચ હોવા છતાં યુએસ, નાઈજીરીયા, અંગોલા અને બ્રાઝિલ તરફ વધુ વળાંક લઈ શકે છે. આ ઉપરાંત, ભારત કોઈપણ અછતને પહોંચી વળવા માટે તેના વ્યૂહાત્મક ભંડાર (૯-૧૦ દિવસની આયાતને આવરી લે છે) નો ઉપયોગ કરી શકે છે.ભારત, વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર, તેના લગભગ ૪૦ ટકા ક્રૂડ ઓઈલ અને લગભગ અડધો ગેસ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા લે છે. જે એક મુખ્ય તેલ માર્ગ છે. પરંતુ ઇઝરાયલી અને યુએસ લશ્કરી કાર્યવાહી પછી ઈરાની ચેતવણીઓને કારણે તે જોખમમાં હોય તેવું લાગે છે.ઈરાને તેના નિયંત્રણ હેઠળના હોર્મુઝને બંધ કરવાની ધમકી આપી છે. અહેવાલો અનુસાર, વિશ્વના ક્રૂડ ઓઈલના ૨૬ ટકા વ્યવસાય આ માર્ગ દ્વારા થાય છે અને આ ક્રૂડ ઓઈલનો ૪૪ ટકા એશિયામાં જાય છે, જેનો સૌથી વધુ ઉપયોગ ચીનમાં અને અમુક અંશે ભારતમાં થાય છે. આવી સ્થિતિમાં, આ મહત્વપૂર્ણ માર્ગમાં કોઈપણ અવરોધ એક મોટી સમસ્યા સાબિત થઈ શકે છે, તેને ધ્યાનમાં રાખીને, ભારતે આ પગલું ભર્યું છે. સોમવારે તેલના ભાવ જાન્યુઆરી પછી ટૉચના સ્તરે પહોંચી ગયા. બ્રેન્ટ ક્રૂડ ફ્યૂચર્સના ભાવ ૧.૯૧ ડૉલર એટલે કે ૨.૪૯ ટકાના ઉછાળા સાથે ૭૮.૯૩ ડૉલર પહોંચી ગયા છે. તો, યુએસ વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ ક્રૂડનો દર $૧.૮૯ અથવા ૨.૫૬ ટકા વધીને $૭૫.૭૩ પર પહોંચી ગયો. તમને જણાવી દઈએ કે, આ પહેલા પણ આજે બંનેના ભાવમાં ૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જેના કારણે ભાવ અનુક્રમે $૮૧.૪૦ અને $૭૮.૪૦ પર પહોંચી ગયા. જે ૫ મહિનાનું સૌથી ઊંચું સ્તર છે. ઈરાન ઓપેકનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલ ઉત્પાદક દેશ છે.

અમેરિકા પણ કૂદી પડ્યું યુદ્ધમાં

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકા પણ ઉતરી ગયું છે. ઈઝરાયલનો પક્ષ લેતા, અમેરિકાએ ઈરાનના પરમાણુ સ્થળો પર ઘણા મોટા હુમલા કર્યા છે. જેના પછી આ યુદ્ધ આગળ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઈરાન બંધ કરી શકે છે હોર્મુઝ સ્ટ્રેટ

આ યુદ્ધમાં અમેરિકાની ભાગીદારી પછી, હવે લોકોને ડર છે કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી શકે છે. જો આવું થાય, તો સમગ્ર વિશ્વમાં તેલનો પુરવઠો પ્રભાવિત થશે. વિશ્વભરમાં પૂરા પાડવામાં આવતા ક્રૂડ ઑઈલનો પાંચમો ભાગ આ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. આ માર્ગ ખૂબ જ સાંકડો છે. દેશની સંસદ આ રૂટ બંધ કરવા માટે સંમત થઈ ગઈ છે. અગાઉ પણ ઈરાને આ રૂટ બંધ કરવાની ધમકી આપી હતી. પરંતુ તેણે ક્યારેય આવું કર્યું નથી.કિંમત જઈ શકે છે $૧૧૦ સુધી રવિવારે, બ્રોકરેજ હાઉસ ગોલ્ડમેન સૅક્સે આશા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં તેલના ભાવ $૧૧૦ પ્રતિ બેરલ સુધી જઈ શકે છે. જોકે, બ્રોકરેજ હાઉસ માને છે કે તેલ અને ગેસના પુરવઠા પર વધુ અસર થશે નહીં.ઇઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ વધી રહ્યું છે અને અમેરિકાએ પણ ઈરાની પરમાણુ સ્થળો પર હુમલો કરીને તેને વધુ તીવ્ર બનાવ્યું છે. દરમિયાન, ઈરાન પણ સતત હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની ધમકી આપી રહ્યું છે.

## લોડાઇ ગામ ના આહિર પરિવાર ની પ્રેરણાદાયક જીવનશૈલી





બલરામ સાધુ - ભૂજ તાલુકા ના લોડાઇ ગામની જ્યાં આર્થિક રીતે નબળા એવા આહિર પરિવાર ની જે ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતા પિતા સ્વ. ગોપાલભાઈ જીવાભાઈ ડાંગર ની જેમને સંતાનો માં ચાર બહેનો અને એક ભાઈ આજનું ખર્ચાળ ભણતર પૂરું કર્યા પછી પણ નોકરી નથી મળતી ત્યાં આ આહિર પરિવાર માં સરકારી શાળા માં અભ્યાસ કરી તમામ ભાઈ અને બહેને સરકારી નોકરી મેળવી આહિર પંથક માં નામ રોશન કર્યું છે સાથે અન્યોને પ્રેરણા પણ આપી છે મૂળ લોડાઇ ગામના અને હાલે માધાપર રહેતા સ્વ. ગોપાલભાઈ જીવાભાઈ ડાંગર અને તેમનાં પત્ની પુરીબેન ડાંગરે પોતાની ચાર દીકરીઓ અને એક દીકરા નાં ભવિષ્ય ને ઉજવલ બનાવ્યું છે બે મહિના પહેલાં અવસાન પામેલા પિતા પહેલા ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતાં હતા સંતાનો નાં ભવિષ્ય ની ચિંતા એ રાત દિવસ એક કરી અને પોતાની ટ્રકો વસાવી ધંધાને વ્યાપ આપ્યો આ બાજું તેમણે દિકરી દીકરા નાં ભેદભાવ ને ભૂલી તમામ ને ભણાવવાનું સપનું લીધું અને શિક્ષણ અપાવ્યું જેના કારણે જવાહરનગર માં રહેતી તેમની મોટી દિકરી ગીતાબેન ડાંગર આજે આંગળવડી માં ફરજ બજાવે છે જ્યારે રાધાબેન ડાંગર અને ઉર્મિલાબેન ડાંગર આરોગ્ય વિભાગ માં ફિમેલ હેલ્થ વર્કર તરીકે નોકરી કરી રહ્યા છે સૌથી નાની દિકરી શાંતિબેન ડાંગરે સી. એસ. અને એલ. એલ. બી. સુધી નો અભ્યાસ કરી ભૂજ ની તિજોરી શાખામાં સબ ઓડિટર તરીકે નોકરી કરે છે જે માતા પિતા એ ચારેય દીકરીઓને આટલો અભ્યાસ કરાવ્યો તો દીકરાને કેમ પાછળ રાખી શકે પુત્ર ડો. વિજય ડાંગરે જામનગર ની મેડિકલ કોલેજ માંથી એમ. બી.બી.એસ. અને સુરેન્દ્રનગર ખાતેથી એમ. ડી.ની ડીગ્રી મેળવી જે બાદ ભચાઉ તાલુકાના આમરડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવી અને હાલ ભૂજ ની અદાણી મેડિકલ કોલેજ માં પોતાની ફરજ અદા કરી રહ્યા છે

પોતાની આર્થીક પરિસ્થતિ બાદ પણ સંતાનો ને શિક્ષણ અપાવી પગ ભર કર્યાં જે અન્યો પરિવાર માટે પ્રેરણા રૂપ છે.-અખંડ ભારત

## કડીમાં ભાજપની જીત બાદ આભારવિધી કાર્યક્રમ યોજાયો




અવિનાશ ચાવડા - કડી વિધાન સભા ની પેટા ચુંટણી માં જંગી બહુમતી બાદ કડી ના ભારતીય જનતા પક્ષ ના આગેવાનો અને કાર્યકરો એ કડીની જનતા ની આભાર વિધિ કરી જેમાં કડીના વતની પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ અને સંસદ સભ્ય કડી ના સ્થાનિક આગેવાનો,પાર્ટીના કાર્યકરો,હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.- અખંડ ભારત

## જામ ગઢડીયા ગામમાં બે ઈંચ વરસાદ ખાબક્યો



મનસુખ કલોત્રા - રાજકોટ જિલ્લામાં મેઘમહેરની સાથે સાથે જસદણ તાલુકાના જામ ગઢડીયા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં પણ મેઘરાજા મહેરબાન થતાં બે કલાકમાં બે ઈંચ જેટલું કાચા સોના રૂપી વરસાદ વરસતા ખેડૂતોમાં વાવણી લાયક વરસાદને કારણે ખુશી પ્રસરી જવા પામી હતી.

-અખંડ ભારત

# "પોલીસ કોન્સટેબલથી પ્રજાના પ્રતિનિધિ સુધી પહોંચનારા મોટા ભાગના નેતાઓ ગુજરાતના રાજકારણમાં ધરખમ સાબિત થયા છે એવો રાજકીય ઇતિહાસ છે !!!"

(અંક નંબર ૩૭૫)

ગુજરાતના દિગ્ગજ નેતા જયનારાયણ વ્યાસે હમણાંજ લખેલી કવિતા સાથે આજના અંકની શરુઆત કરું છું... આમતો આ વિષય વિસ્મય પમાડે એવો નથીજ પણ કોઈ આંગળી જરૂર ચિંધે છે એટલે હુંય લખું છું.......

"ખડગની ધાર પર લખતાં કવિના હાથ ધ્રૂજે છે;લૂલી સરકાર પર લખતાં કવિના હાથ ધ્રૂજે છે.

યુવા બેકાર પર લખતાં કવિના હાથ ધ્રૂજે છે ; ભૂખ્યા ઘરબાર પર લખતા કવિના હાથ ધ્રૂજે છે.

એ સ્ત્રીઓના અલંકારો અને બસ રૂપ પર લખશે. પણ અત્યાચાર પર લખતાં કવિના હાથ ધ્રૂજે છે.

કે લીલી કૂંપળો 'ને કેસરી કળીઓ હણે એવી, ખૂલી તલવાર પર લખતાં કવિના હાથ ધ્રૂજે છે.

**ભલામણને ભઈબાપા કરી એવોર્ડ લીધા છે. કે ભ્રષ્ટાચાર પર લખતાં કવિના હાથ ધ્રૂજે છે..."**

"રાજકારણ માં આપણા હોવાનું દેખાડતા બધા આપણીજ તરફેણમાં હોય એવુ જરૂરી નથી, કોઈક આપણી સામે દુશ્મન હોય છે તો કોઈક આપણી પાછળ દુશ્મન હોય છે..બાકી દુશ્મન વગર રાજકારણમાં મજા નથી કારણ કે ગણી વખત આપણે આપણી સત્તાના અભિમાનમાં હવામા ઉડીયે છીએ ત્યારે એજ દુશ્મન મિત્ર બનીને પણ આપણને આપણા યોગ્ય સ્થાને

પાછો લઈ આવે છે."

"પોલીસ ખાતામાંથી પ્રજાના પ્રતિનિધિ બનેલા તમામ નેતાઓએ દિગ્ગજ નેતૃત્વ કર્યું છે એના અનેક દાખલા છે.ભારતીય જનતા પાર્ટીના ધરખમ નેતા સી.આર પાટીલ પણ એકવાર કોન્સ્ટેબલ હતા, મધ્ય ગુજરાતના જેઠાભાઈ ભરવાડ થી લઈને કેટલાક ઝંઝાવાતી નેતાઓ પોલીસ કોન્સ્ટેબલથી શરૂ કરીને રાજકારણમાં ખૂબ મોટું નેતૃત્વ કરી ચૂક્યા છે એવા જ આ નવા નેતૃત્વવાળા પોલીસ કોન્સ્ટેબલ બન્યા પછી વકીલાત અને જેલવાસ, હવે વિસાવાદરના સ્ન્છ બનનાર ગોપાલ ઈટાલિયા આમ આદમી પાર્ટી માટે તથા આમ આદમી એવા લોકો માટે પણ એક આશાસ્પદ ઉમેદવાર બની ગયા છે."

મિત્રો,,ગુજરાતની અંદર રાજકીય રીતે આશ્ચર્યજનક ફેરફારો રૂપે વિસાવદર અને કડીની વિધાનસભા સીટ ઉપર જબરજસ્ત પરિણામ જોવા મળ્યા છે.

ભારતીય જનતા પાર્ટીની આખી ફોજ સામે વિસાવદરની સીટ ઉપર આમ આદમી પાર્ટીના સૌથી વધુ લોકચાહના અને વટવાળા ગણાતા ઉમેદવાર ગોપાલ ઈટાલીયા જન્માષ્ટમી પહેલા જ "ગોપાલ મારો પારણીયે ઝૂલી" ચૂક્યા છે.

કહેવાય છે કે જનતા કોઈની થઈ નથી અને થશે પણ નહીં પણ સબક શીખવશે અને એ તો આવનારો સમય કહેશે કે પ્રજાનો નિર્ણય સરો હતો કે કેમ?

**"આ પરિણામ થી એક વાત સમજમાં આવી ગઈ કે સત્તા કરતાય શાણપણ આગળ હોય છે".**વિસાવદર ની જનતાના અભિપ્રાયો વિશે અગાઉ મેં આ જ કોલમમાં લેખ લખ્યો હતો. લોકોના મૂળભૂત પ્રશ્નો અને વફાદારી વિશે પણ વર્ણન કર્યું હતું.જાત મુલાકાત કર્યા બાદ સમજાયું હતું કે ગુજરાતની એક અને એક માત્ર વિસાવદર વિધાનસભા સીટના લોકો ખૂબ જ હોશિયાર છે,લાલચમાં ફસાઈ જાય એવા નથી, જે અગાઉ આવેલા પરિણામોમાં પણ જણાઈ આવે છે.

જે વિધાનસભા સીટ વિસ્તારમાંથી ચૂંટાઈને ભાજપના ખેડૂત નેતા પ્રથમવાર ગુજરાતના મુખ્યમંત્રી બની શકતા હોય એ જ વિધાનસભા સીટ ના શાણા મતદારોએ પોતાની બુદ્ધિ ક્ષમતાનો ભરપૂર રીતે ઉપયોગ કરીને સતત ૩૦ વર્ષથી શાસન કરતી ભારતીય જનતા પાર્ટીને લપડાક મારી છે!!!!કે હવે તમે સુધરી જાવ....સમય કોઈની રાહ જોતો નથી, પ્રજા કોઈની થતી નથી, પ્રજા માત્ર પોતાના પ્રાણપ્રશ્નો માટે લડતા નેતાઓને જ પસંદ કરે છે.

આમ તો એમ કહેવાય છે કે પેટા ચૂંટણી હોય ત્યારે જેની સરકાર ચાલતી હોય એનો ઉમેદવાર શાંતિથી જીતી જતો હોય છે પરંતુ આ સીટના તમામ મતદારોને તમામ બાબતોની ખબર હોવા છતાં પોતાનો ધારાસભ્ય ચાલુ સરકારનો ના આપ્યો અને એવો ધારાસભ્ય પસંદ કર્યો કે જે સમગ્ર ગુજરાત માટે લડત આપી શકે તેવો વિરોધ પક્ષનો સાચા અર્થનો નેતા બની શકે, જો કે એતો આવનારો સમય બતાવશે કે ગોપાલ ઈટાલીયા અને આમ આદમી પાર્ટીનો જુસ્સો વિધાનસભામાં કેવો જોવા મળે છે. આ ચૂંટણીના અસામાન્ય પરિણામથી કડી વિધાનસભાની સીટ ભારતીય જનતા પાર્ટી જીતી હોવા છતાં દબાઈ ગઈ જાણે, એના વિશે કોઈ જ ઉત્સાહ પણ લોકોમાં જોવા મળતો નથી, જ્યાં જુઓ ત્યાં માત્ર ગોપાલ ઈટાલીયાની ચર્ચા થાય છે.

એ વાત પણ હું ચોક્કસ કહીશ કે ગોપાલ ઈટાલીયા એ આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે જીત્યા છે એવું નથી!!! પરંતુ ગોપાલ ઈટાલીયાએ પોતાના પ્રચંડ વિરોધી અવાજ ના કારણે અને વ્યક્તિગત પ્રતિભાને કારણે સુરતમાંથી આવીને કાઠિયાવાડમાં જગ્યા ઉભી કરી છે.

એકલો માણસ છેલ્લા છ મહિનાથી જાતે જ હું ઉમેદવાર છું એવી જાહેરાત સાથે ગામડે ગામડે અને ઘર ઘર સુધી લોકો વચ્ચે પહોંચી ચૂક્યો હતો અને એનું જ આ પરિણામ છે. લોકોને કેટલાય વાયદા એમનણે કર્યા હશે, વચન પણ આપ્યા હશે...એ બધા સાચા ઠળે છે કે કેમ એ તો સમય બતાવશે પરંતુ લોકોએ સમય જરૂર બતાવી દીધો કે ગમે તેટલા મોટા નેતાઓ નમી જાય, દિવસે આકાશમાં તારા બતાવી જાય તો પણ લોકો તો પોતાના નેતા તરીકે લોકહૃદયથી જોડાયેલા નેતાને જ પસંદ કરતા હોય છે!!! એવું આ વિશાવદરની સીટ ઉપરથી નક્કી કરી શકાય!!!

**"બીજી બાજુ દુ:ખ લાગે એવી મોટી વાત કે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર જીત્યા નથી એના કરતા એ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર માત્ર તાલુકા પંચાયતના સભ્ય મેળવી શકે એટલા પણ વોટ મેળવી શક્યા નથી!!! એ જાણીને ખૂબ મોટું ચિંતા થાય છે".**ગુજરાતમાં એક સબળ વિરોધ પક્ષની કામગીરી જેમના પાસે છે એવી વર્ષો જૂની પાર્ટી કોંગ્રેસ આથમતા અજવાળે હોય તેમ લાગે છે!!!!વરઘોડા ના ઘોડા અને યુદ્ધના ઘોડા બંને માટે નિષ્ફળ હોય એવું કહેવાય એવી પરિસ્થિતિ વિસાવદર ની સીટ માટે કોંગ્રેસની થઈ છે.

"આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયા યુવાન છે, ઘણો લાંબો સમય રાજકીય મંચ ઉપર ટકી શકે એમ છે, સત્તાની લાલચમાં કે પૈસાની લાલચમાં ન આવી જાય અને સાચા અર્થમાં લોક નેતા બની રહે તો એમનું આ વિજેતા બનવું સાર્થક રહેશે!!!!"

ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક પ્રકારના વિકાસના કામો થયા હોવા છતાં વિસાવદરની સીટના એક જમાનાના મુખ્યમંત્રીના ઉમેદવાર કે જે મુખ્યમંત્રી પણ બન્યા હતા એવા કેશુભાઈ ને હટાવવાનું દુ:ખ આજે પણ જનતામાં છે અને એનું જ પરિણામ શાસક પક્ષથી જુદો જ ધારાસભ્ય વિધાનસભા સુધી મોકલવાની પ્રથા આ મતદારો જાળવી રહ્યા છે. લોકો ખૂબ જ હોશિયાર છે. પોતાના પ્રશ્નોને વ્યક્તિગત મહત્વ ન આપતા અને રાષ્ટ્રવાદની પીપૂડીને છોડી ને માત્ર ને માત્ર નિષ્ઠાવાન અને વફાદાર ઉમેદવારોને જીતાડવાની પરંપરા ને એમણે તોડી નથી....નહિતર કેટલો બધો પ્રચાર થયો હતો, ભારતીય જનતા પાર્ટીના તમામ પ્રચારકો દેશમાં અને રાજ્યમાં થઈ રહેલા વિકાસના કામો થી માંડીને નરેન્દ્ર મોદી સરકારની ભવ્ય સફળતાઓના ગુણગાન ગાયા હોવા છતાં વિસાવદર ની સીટ ભાજપ ન જીતી શકે એનો મતલબ એ થયો કે સવાલ માત્ર એક સીટનો નથી પરંતુ સવાલ એ છે કે સબક શીખવો, આપ ગમે તેટલો વિકાસ કરો પરંતુ ભ્રષ્ટાચાર ને જો કડક હાથે દૂર નહી કરો તો પ્રજા ક્યારે હાથ છોડી દેશે એ નક્કી કહેવાય નહી.

"રાજાઓ અને મહારાજાઓ પણ આ જગતનમાં બધું છોડીને જતા રહ્યા છે. છતાંય આજે ગામના સરપંચથી માંડીને કેન્દ્ર સરકાર સુધી જતા સંસદ સભ્યો સુધીના નાના-મોટા તમામ નેતાઓ પ્રજાની હોશિયારી ને અવગણે છે કોઈ પણ પ્રકારની ચિંતા વિના ભ્રષ્ટાચાર કરી રહ્યા છે."

પ્રજા બધું જ સમજે છે. એક સીટ નું પરિણામ બદલી નાખીને માત્ર ટકોર કરે છે કે હજુ સમય છે. લોકોનો વિકાસ ગમે તેટલો કરો પરંતુ જો તમે ભ્રષ્ટાચાર કરશો તો પ્રજા તમને છોડશે નહી.

ભારતીય જનતા પાર્ટીની અનેક સારી બાબતો હોવા છતાં આટલી જંગી બહુમતી હોવા છતાં કમજોર મંત્રી મંડળની રચના અને ભષ્ટ્રાચારના આક્ષેપો વાળા મંત્રીઓ.... એક પણ મંત્રી ધારદાર ભાષણ ના કરી શકે!!!... શ્રેષ્ઠ કામગીરી કરી શકે એવા ધારાસભ્યો હોવા છતાં અધિકારીઓ સમક્ષ બોલી પણ ના શકે તેવા મંત્રી ઓ શું કામો કરતા હશે!!!! આ બધું લોકોને નડે છે. રજુઆતોની અસર ના થાય, વહીવટી ગુંચો માટે મુખ્યમંત્રીશ્રીએ જાહેરમાં બળાપા કાઢવા પડે, હજુ સુધી પક્ષના અધ્યક્ષની જાહેરાત બાકી...... આ બધા સવાલતો પાર્ટીના લોકોને પણ થાય છે.બીજા અનેક સામાન્ય જનતાને લગતા પ્રશ્નો પણ છે.માત્ર કાર્યક્રમો કરવા એ પુરતું નથી.પ્રજા હવે આ પરિણામથી સમજણ વધારશે એ નક્કી સમજવું!!!!

છતાંય ચૂંટણી માટે વિસાવદર ની હાર અનેક દિગ્ગજોને ઘર ભેગા કરી દેશે અને કડીની જીત કોઈક એવા દિગ્ગજ ને પાછા પડદા ઉપર લાવી પણ શકશે એવું અનુમાન કરવું રહ્યું!!! ખેર! પ્રજાસ બધું જ સમજે છે પરંતુ પ્રજાના પણ પ્રશ્નોને સમજવાની ખૂબ જરૂર છે જનરલ વિકાસની સાથે સાથે લોકોના વ્યક્તિગત વિકાસ માટે પડતી તકલીફો સરકારોએ સમજવી પડશે નહીંતર પ્રજા ક્યારેય વિમુખ થશે એ નક્કી કરી શકાય નહી.

...રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# UPI ઓટો-પે ફ્રોડથી સાવધાન અજાણી રિક્વેસ્ટ ક્યારેય સ્વીકારશો નહીં




UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ) એ ઓનલાઈન વ્યવહારો ખૂબ જ સરળ બનાવી દીધા છે. હવે તમે ફક્ત થોડીક સેકન્ડોમાં હજારો અને લાખોના વ્યવહારો કરી શકો છો. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ નાણા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, જાન્યુઆરી ૨૦૨૫માં UPI ટ્રાન્ઝેક્શનની સંખ્યા ૧૬.૯૯ અબજને વટાવી ગઈ. આમાં કુલ ૨૩.૪૮ લાખ કરોડથી વધુના વ્યવહારો થયા. આ કોઈપણ મહિનામાં નોંધાયેલી સૌથી વધુ સંખ્યા છે.UPI ના વધતા ઉપયોગની સાથે, તેનાથી સંબંધિત છેતરપિંડીના કિસ્સાઓ પણ ઝડપથી વધી રહ્યા છે. દરરોજ પ્રકાશમાં આવતા છેતરપિંડીના કેસોમાં એક નવું કૌભાંડ ઉમેરાયું છે - UPI ઓટો-પે રિકવેસ્ટ સ્કેમ. આ કૌભાંડમાં, સ્કેમર્સ યૂઝર્સ સાથે છેતરપિંડી કરી શકે છે અને તેમના બેંક ખાતામાંથી પૈસા ચોરી શકે છે. તેથી, આ કૌભાંડ અંગે સતર્ક અને સાવધ રહેવાની જરૂર છે.

# ૬ જિલ્લામાં ૩ કલાકનો રેડ એલર્ટ રથયાત્રાના દિવસે અમદાવાદમાં ભારે વરસાદની શક્યતા



ગુજરાતમાં ૧૬મી જૂને ચોમાસાનો પ્રવેશ થયા બાદ આઠ દિવસમાં જ આખા રાજ્યને કવર કરી લીધું છે. આઠ દિવસમાં રાજ્યમાં સિઝનનો સરેરાશ ૧૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે. આજે દાહોદ, વડોદરા, નવસારી, સુરત, છોટાઉદેપુર, ગીરસોમનાથ, ભાવનગર અને દ્વારકામાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. બીજી તરફ રથયાત્રાના દિવસે અમદાવાદમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. આજે સવારના ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૭૮ તાલુકામાં હળવાથી અતિભારે વરસાદ વરસ્યો છે.સુરતમાં આભ ફાટ્યું હતું. બે કલાકમાં સાડાપાંચ ઈંચ વરસાદથી રસ્તાઓ પર નદીઓ ચાલતી હોય એવા દશ્યો સર્જાયા હતા. જેથી તમામ સ્કૂલમાં રજા જાહેર કરાઈ હતી. તો કામરેજમાં ધોધમાર પોણાપાંચ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે અમરેલીની શેત્રુંજી-સાતલડી નદીમાં પૂર આવ્યું છે. તેમજ વંથલીના ઓઝત વિયર ડેમમાં પાણીની આવક થઈ છે.

હવામાન વિભાગે આગામી ત્રણ કલાક એટલે કે, ૪ વાગ્યા સુધી દક્ષિણ ગુજરાત સુરત, ભરૂચ, નર્મદા, વલસાડ તેમજ દમણ અને દાદરાનગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અને જૂનાગઢમાં રેડ એલર્ટ આપ્યું છે.

# મોરબીમાં લૂંટના ૫ આરોપી ઝડપાયા ૧.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત




મોરબી પોલીસે બે અલગ-અલગ લૂંટ કેસમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. પ્રથમ ઘટના હરીપર કેરાળા ગામની સીમમાં બની હતી. વેલેંજા કારખાનામાં કામ કરતા પ્રકાશભાઈ મુંદરિયા દુકાને ચા લેવા ગયા હતા.

આ દરમિયાન ત્રણ બાઈક પર આવેલા ૬ શખ્સોએ તેમને માર મારીને ૩૦,૦૦૦ રૂપિયાની લૂંટ ચલાવી હતી.બીજી ઘટનામાં અમરેલી રોડ પર વિશ્વરાજસિંહ જાડેજા પાસેથી લૂંટ કરવામાં આવી હતી. લૂંટારુઓએ તેમની પાસેથી ૨૦,૦૦૦ રૂપિયા રોકડા, સોનાનો ચેન અને બાઈક લૂંટી લીધા હતા. પોલીસે માળીયાના ફારૂકભાઈ જેડા, દિલાવરભાઈ મોવર, સિકંદરભાઈ કટીયા, જુમાભાઈ મેર અને સિંકદરભાઈ કાજેડીયાની ધરપકડ કરી છે.પોલીસે આરોપીઓ પાસેથી ત્રણ બાઈક અને ૪૦,૦૦૦ રૂપિયા રોકડા સહિત કુલ ૧.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કોર્ટે પાંચેય આરોપીઓના ૨૫ તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ કેસમાં સંડોવાયેલા એક સગીર આરોપીને બાળ સુધારગૃહમાં મોકલવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં આ ગેંગની અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ સામે આવવાની શક્યતા છે.

# ખામેનઈ પછી કોણ? ત્રણ ઉત્તરાધિકારી તૈયાર પુત્ર મોજતબા બહાર



૨૨ જૂનના રોજ સવારે ૪:૩૦ વાગ્યાનો સમય. અમેરિકાએ ઈરાનની નતાંઝ, ફોર્ડો અને ઈસ્ફહાન પરમાણુ પ્રયોગશાળાઓ પર B2 બોમ્બરથી ભારે બોમ્બમારો કર્યો. ઈરાની અધિકારીઓ કહે છે કે, અમેરિકા અથવા ઈઝરાયલ હવે ઈરાનના સુપ્રીમ લીડર ખોમેનીને પણ મારી શકે છે. જો આવું થશે તો ખોમેની તેને કુરબાની તરીકે સ્વીકારશે. તેમણે તેમના મૃત્યુ પછી તેમના સંભવિત ઉત્તરાધિકારીઓની યાદી પણ તૈયાર કરી છે, જેમાં તેમના પુત્ર મોજતબાનું નામ નથી.

સવાલ-૧: શું ઈઝરાયલ ખોમેનીને મારી શકે છે?

જવાબ: ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ અને યુએસ પ્રમુખ ટ્રમ્પે ઘણી વાર કહ્યું છે કે ખોમેનીને મારવાનો વિકલ્પ ખુલ્લો છે.

૧૯ જૂનના રોજ ઈરાને ઈઝરાયલના બીર્શેબા શહેરમાં સોરોકા મેડિકલ સેન્ટર પર મિસાઈલ હુમલો કર્યો. આ પછી ઈઝરાયલી સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે કહ્યું કે ખોમેની આધુનિક હિટલર છે. કાત્ઝે કહ્યું, ખોમેની જેવા સરમુખત્યારને જીવવાનો કોઈ અધિકાર નથી. તે હંમેશા તેના એજન્ટો દ્વારા ઈઝરાયલનો નાશ કરવા માગતો હતો.થોડા સમય પછી નેતન્યાહૂએ પણ કહ્યું, હવે ઈરાનમાં કોઈ સુરક્ષિત નથી. બધા વિકલ્પો ખુલ્લા છે. પ્રેસમાં આ વિશે વાત ન કરવી વધુ સારું છે.અગાઉ ૧૭ જૂનના રોજ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું હતું- અમે જાણીએ છીએ કે કથીત સુપ્રીમ લીડર ક્યાં છુપાયેલા છે, તે એક સરળ લક્ષ્ય છે, પરંતુ અમે તેમને હજુ સુધી મારીશું નહીં.ટ્રમ્પે પોતાની બીજી પોસ્ટમાં ઈરાનને બિનશરતી શરણાગતિ સ્વીકારવાનું કહ્યું હતું.

આના જવાબમાં, ખોમેનીએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે ઈરાન શરણાગતિ સ્વીકારશે નહીં. તેનાથી વિપરીત, જો અમેરિકા યુદ્ધમાં જોડાશે તો તેના પરિણામો ખરાબ આવશે. મીડિયા રિપોર્ટ્સ કહી રહ્યા છે કે ખોમેનીએ ઉચ્ચ સુરક્ષાવાળા બંકરમાં પ્રવેશ કર્યો છે અને પોતાના પર હુમલો કરવાની તૈયારી શરૂ કરી દીધી છે

# સેન્ટ મેરીઝ ઓગણજમાં પ્રી-સ્કૂલના નાનાં બાળકોનું ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત



સેન્ટ મેરીઝ સ્કૂલ ઓગણજમાં પ્રી-સ્કૂલના વિદ્યાર્થીઓના પ્રથમ શાળા દિવસની ઉજવણી કરવામાં આવી. શાળા દ્વારા નાના બાળકોનું વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતું.બાળકોના પ્રથમ દિવસને યાદગાર બનાવવા માટે શાળા દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. ઢોલ-નગારાની સુરાવલી સાથે બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું. બાળકોના મનપસંદ કાર્ટૂન કેરેક્ટર્સની હાજરીએ તેમના ચહેરા પર સ્મિત લાવી દીધું.નાના બાળકો માટે શાળાનો પ્રથમ દિવસ આનંદમય રહ્યો. તેઓએ કાર્ટૂન કેરેક્ટર્સ સાથે ફોટો પડાવ્યા અને ઢોલના તાલે નાચ્યા. શાળાના પ્રથમ દિવસનો ડર દૂર કરવા માટે શાળા દ્વારા કરવામાં આવેલું આ આયોજન સફળ રહ્યું.

# હારીજના જાસ્કામાં ૧૦ વર્ષના બાળકનો યૌન શોષણ



હારીજ પોલીસ સ્ટેશનમાં એક ચોંકાવનારો કેસ નોંધાયો છે. જાસ્કા ગામના પરમાર વાસના રહેવાસી મુકેશ કલાભાઈ પરમાર સામે સગીર બાળકના અપહરણ અને યૌન શોષણનો કેસ નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ અનુસાર, આરોપીએ એક મહિલાના ૧૦ વર્ષીય પુત્રને તેના ઘરેથી ફોસલાવીને લઈ ગયો હતો. આરોપી બાળકને જાસ્કા ગામ નજીક આવેલી ચીયાડ સીમમાં લઈ ગયો. ત્યાં તેણે બાળક સાથે યૌન શોષણ આચર્યું.આરોપીએ બાળકને ઘરે મોકલતા પહેલા ધમકી આપી હતી. તેણે કહ્યું કે જો આ વાત કોઈને કહીશ તો બીજીવાર ઉપાડીને મારી નાખીશ.હારીજ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૧૩૭(૨), ૧૪૦(૪), ૩૫૧(૩) અને પોક્સો એક્ટની કલમ-૫(એમ), ૬ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે આ કેસની તપાસ શરૂ કરી દીધી છે.

# દંતાલી ગામમાંથી વાડીયા વિસ્તારમાં તેમજ ગામમાં આવવાના રસ્તો કાદવ કિચડ વાડો બિસ્માર હાલતમા

મલેક સાદિકભાઈ - ખેડા જિલ્લાના વસો તાલુકાના દંતાલી ગામમાં આવેલા વાડીયા વિસ્તારમાં રસ્તો એટલો બધો બિસ્માર હાલતમાં છે. હાલમાં આજની તારીખમાં પણ વાડીયા વિસ્તારથી દંતાલી ગામમાં તેમજ પલાણા ગામમાં આવવા તેમજ છઠ્ઠા માઈલ જવા માટે પણ રસ્તો સારો નથી. વાડીયા વિસ્તારમાં રસ્તો એટલો કાદવ કીચડથી ખદબદયેલો છે. કે જેની કોઈ વાત નહી જેમ કે વાડીયા વિસ્તારમાં જે વોર્ડ નં. ૮ માં આવેલો છે. જે વોડમાં આશરે ૩૫ થી ૪૦ ફેમીલી લોકો રહે છે. આ વિસ્તારના લોકોને તેમજ દંતાલી ગામનાં વિદ્યાર્થીઓને પણ આવવા જવા પણ તકલીફ પડે છે. અનેક વાર જો કોઈ વ્યકિત બિમાર થાય તો તેને લઇ જવા માં પણ તકલીફ પડે છે. જયારે વરસાદ પડે ત્યારે દંતાલી ગામના વિદ્યાર્થીઓ સ્કુલમાં રજા રાખવી પડતી હોય છે. જેના લીધે વિદ્યાર્થીઓને અભ્યાસ પણ બગડે છે. વાડીયા વિસ્તારમાં જો કોઈ સ્વર્ગવાસ થાય તો તેને સ્મશાન/કબ્રસ્તાન લઈ જવા માં ઘણી તકલીફ પડી રહે છે. આ બાબતે સાંસદ સભ્ય શ્રી દેવુંસિંહ ચૌહાણ સાહેબ દ્વારા ૨૦૧૮ આ રસ્તા માટે ભલામણ કરવામાં આવી હતી. પણ કોઈ નિકાલ આવ્યો ન હતો. તેમજ માતર વિધાનસભાના ધારાસભ્ય દ્વારા પણ ૨૦૧૮ માં આ રસ્તા બાબતે દંતાલી ગામના સરપંચ તેમજ તલાટી ને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. પણ હજુ સુધી કોઈ નિકાલ કરવામાં આવ્યો નથી. આ બાબતે જો રસ્તાનો નિકાલ નહી કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે અપનાવીસું. અખંડ ભારત

# હિંમતનગર રેલવે સ્ટેશન પર ૧૫ લાખની શંકાસ્પદ રોકડ ઝડપાઈ વૃદ્ધ પાસે કોઈ પુરાવો નહીં



હિંમતનગર રેલવે સ્ટેશન પર GRP પોલીસે ઉદેપુર-અસારવા ઈન્ટરસિટીના જનરલ કોચમાંથી ૧૫ લાખ રૂપિયાની શંકાસ્પદ રોકડ જપ્ત કરી છે. રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ઘડી તાલુકાના પરતાપુરના રહેવાસી નટવરલાલ કાલીદાસ ભાવસાર (ઉંમર ૭૨) પાસેથી આ રકમ મળી આવી છે.

GRP સ્ટાફે રૂટિન તપાસ દરમિયાન નટવરલાલના થેલાને શંકાસ્પદ માનીને તપાસ કરી. તેમાંથી ૫૦૦ રૂપિયાની નોટોના બંડલ મળી આવ્યા. નટવરલાલ ડુંગરપુરથી અસારવા સુધીની ટિકિટ લઈને મુસાફરી કરી રહ્યા હતા.

પોલીસે આ રોકડ રકમના આધાર-પુરાવા માંગ્યા, પરંતુ નટવરલાલ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહી.

ત્યાર બાદ તેમને હિંમતનગર GRP પોલીસ ચોકી લઈ જવામાં આવ્યા. પોલીસે ૧૫ લાખની રોકડ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# દહેગામમમાં આપ દ્વારા ઉજવણી



ઠાકોર રાજેન્દ્ર - આજે વિસાવદર ૮૭ ના ઉમેદવાર ભાઈ શ્રી ગોપાલભાઈ ઈટાલીયાની ભવ્ય જીત થતા દહેગામમાં આપ સંગઠનના હોદેદારો, કાર્યકરોએ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચીને ઉજવણી કરી હતી.-અખંડ ભારત

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ ઇન્ટર્નશિપનો આરંભ



વલ્લભ વિદ્યાનગર સ્થિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં લેવલ-૩ સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રીયલ ઓટોમેશન વિષય પર સમર ઇન્ટર્નશિપ પ્રોગ્રામનો પ્રારંભ થયો છે. આ કાર્યક્રમ મિકેનિકલ, ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન, આઈટી એન્જિનિયરિંગ વિભાગો અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ (FSM), IIT દિલ્હીના સંયુક્ત પ્રયાસથી યોજાયો છે.કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત એન. પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ વિભાગોના વડાઓ અને પ્રોગ્રામ કોર્ડિનેટર્સ પણ હાજર રહ્યા હતા. ડૉ. પટેલે જણાવ્યું કે ઈન્ડસ્ટ્રી ૪.૦ના વર્તમાન યુગમાં આ ઈન્ટર્નશિપ વિદ્યાર્થીઓ માટે ખૂબ લાભદાયી સાબિત થશે.

## એકતરફી પ્રેમમાં પાગલ યુવતીની ધમકી તું કિસી ઔર કા હો ગયા તો બ્લાસ્ટ કરુંગી



ગુજરાત પોલીસે એક વિચિત્ર કેસ ઉકેલ્યો છે. પોલીસે ચેન્નાઈથી એક છોકરીની ધરપકડ કરી છે. આ છોકરીએ એકતરફી પ્રેમને કારણે અનેક શહેરોમાં બોમ્બ વિસ્ફોટ કરવાની ખોટી ધમકીઓ આપી હતી. અમદાવાદ પોલીસે ચેન્નાઈથી રેની જોશીલ્ડા નામની છોકરીની ધરપકડ કરી છે. રેની રોબોટિક્સમાં ક્વોલિફાઇડ છે અને ડેલોયટમાં સિનિયર કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે. એકતરફી પ્રેમમાં રેનીએ દેશભરમાં ખોટી બોમ્બ ધમકીઓનું જાળ બિછાવ્યું.

યુવતી મૂળ તમિલનાડુની એન્જિનિયર છે જે પોતાના ઓફિસમાં કામ કરતા એક યુવકને ગળાડુબ પ્રેમ કરતી હતી પરંતુ યુવક તેની સાથે લગ્ન કરવા માંગતો ન હતો જેથી તેણે પ્રેમમાં પાગલ બની ગઈ અલગ અલગ મહત્વની જગ્યાએ કે સંસ્થાઓમાં ઈમેલ કરીને બોમ્બની ધમકીઓ આપતી હતી સમગ્ર મામલે આજે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ યુપીની ધરપકડ કરતા આખો પ્રેમ પ્રકરણનો ભાંડો ફૂટ્યો છે અને મહત્ત્વની તપાસ આગળ વધી રહી છે.

## જામનગરમાં ૧૯૬૨ હેલ્પલાઇન દ્વારા ૫ વર્ષમાં ૩.૨૬ લાખથી વધુ પશુઓની સારવાર



જામનગર જિલ્લામાં રાજ્ય સરકાર અને EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સંયુક્ત પ્રયાસથી ૧૯૬૨-એનિમલ હેલ્પલાઇન સેવા ચલાવવામાં આવે છે. આ સેવા હેઠળ જૂન ૨૦૨૦થી જૂન ૨૦૨૫ સુધીમાં ૩,૨૬,૦૧૭ પશુ-પક્ષીઓની સારવાર કરવામાં આવી છે.

જિલ્લામાં ૩૪ મોબાઈલ વેટરનરી યુનિટ્સ કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં ૬૪,૫૬૯ પશુઓની સારવાર થઈ છે. આમાં ૨૭,૩૭૭ ભેંસ, ૨૫,૫૭૯ ગાય, ૫,૬૫૮ બકરી, ૪,૫૨૧ ઘેટાં અને ૧,૧૨૩ કૂતરા-બિલાડી સહિત અન્ય પ્રાણીઓનો સમાવેશ થાય છે.

જામનગર જિલ્લામાં રાજ્ય સરકાર અને EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સંયુક્ત પ્રયાસથી ૧૯૬૨-એનિમલ હેલ્પલાઇન સેવા ચલાવવામાં આવે છે.

આ સેવા હેઠળ જૂન ૨૦૨૦થી જૂન ૨૦૨૫ સુધીમાં ૩,૨૬,૦૧૭ પશુ-પક્ષીઓની સારવાર કરવામાં આવી છે.

જિલ્લામાં ૩૪ મોબાઈલ વેટરનરી યુનિટ્સ કાર્યરત છે.

છેલ્લા એક વર્ષમાં ૬૪,૫૬૯ પશુઓની સારવાર થઈ છે. આમાં ૨૭,૩૭૭ ભેંસ, ૨૫,૫૭૯ ગાય, ૫,૬૫૮ બકરી, ૪,૫૨૧ ઘેટાં અને ૧,૧૨૩ કૂતરા-બિલાડી સહિત અન્ય પ્રાણીઓનો સમાવેશ થાય છે.

## નવસારીમાં મેઘમહેર શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા



નવસારી શહેરમાં આજે બપોરના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. સવારના વિરામ બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાપટાં શરૂ થયા છે.સુરત બાદ નવસારી શહેરમાં પણ મેઘરાજાની પધરામણી થઈ છે. શહેરના ટાવર રોડ, સ્ટેશન વિસ્તાર અને ડેપો સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આપેલી આગાહી મુજબ શહેરના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડી રહ્યા છે.ચોમાસાની શરૂઆત સાથે નવસારી મહાનગરપાલિકા માટે કામગીરીની કસોટીનો સમય શરૂ થયો છે. વરસાદ યથાવત રહેતા શહેરના નિશાળ વિસ્તાર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. પાલિકાની ડ્રેનેજ સિસ્ટમની કામગીરી આ વરસાદમાં કેટલી અસરકારક રહે છે તે જોવાનું રહ્યું છે.

## વલસાડ કોંગ્રેસમાં વિખવાદ નવા પ્રમુખ કિશન પટેલની નિમણૂકનો વિરોધ



વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિમાં નવા પ્રમુખની નિમણૂકને લઈને વિવાદ સર્જાયો છે. કિશન પટેલની જિલ્લા પ્રમુખ તરીકે થયેલી નિમણૂક બાદ કાર્યકરોએ સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરી છે.

કાર્યકરોના વિરોધનું મુખ્ય કારણ કિશન પટેલનો ચૂંટણીઓમાં પરાજયનો ઈતિહાસ છે. ૨૦૧૪થી અત્યાર સુધી તેમણે વિધાનસભાની તમામ ચૂંટણીઓમાં ઉમેદવારી નોંધાવી, પરંતુ એકપણ ચૂંટણીમાં વિજય મેળવી શક્યા નથી. કાર્યકરોએ પ્રદેશ કોંગ્રેસના ગ્રુપમાં આ મુદ્દો ઉઠાવ્યો છે.

આ વિવાદ અંગે જ્યારે કિશન પટેલનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે સ્થિતિને સંભાળવાની ખાતરી આપી છે. તેમણે જણાવ્યું કે પાર્ટીના મોટા પરિવારમાં ચાલી રહેલા આ વિવાદને શાંત પાડવા માટે તેઓ પ્રયત્નશીલ રહેશે. તેમણે આગામી સમયમાં તમામ કાર્યકરો સાથે મળીને જિલ્લામાં કોંગ્રેસને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

## ૫૦૦માં બનાવ્યું ડુપ્લિકેટ જન્મ પ્રમાણપત્ર વોર્ડ-૧૯ કચેરીમાં ફુટ્યો ભાંડો




શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી કોર્પોરેશનની વોર્ડ નંબર ૧૯ ની કચેરીમાં પિતા પોતાના બાળકના આધારકાર્ડમાં સુધારો કરાવવા માટે આવ્યા હતા. તેઓ દ્વારા પુત્રનું જન્મનું પ્રમાણપત્ર રજૂ કરાયું હતું. ચકાસણી કરતા આ દાખલો ડુપ્લિકેટ હોવાનું જણાઇ આવ્યું હતું. બાળકના પિતાએ તેમના વિસ્તારમાં આવેલી દુકાનમાંથી રૂપિયા ૫૦૦ માં જન્મનું પ્રમાણપત્ર બનાવ્યું હતું. આ બનાવ અંગે મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.મળેલી માહિતી પ્રમાણે મકરપુરા વિસ્તારમાં આવેલા એરફોર્સ સ્ટેશન પાછળ આમ રેસીડન્સીમાં રહેતા ઝૂનઝૂન તિવારી તેમના બાળકનું જન્મનું પ્રમાણપત્ર રૂપિયા ૫૦૦ આપીને કઢાવ્યું હતું. દરમિયાન આધારકાર્ડમાં તેમના પુત્રના નામમાં સુધારો કરવાનો હતો. જેથી તેઓ મકરપુરા વિસ્તારમાં આવેલી વડોદરા મહાનગરપાલિકાની વોર્ડ નંબર ૧૯ ની કચેરીમાં આધારકાર્ડમાં સુધારો કરાવવા માટે ગયા હતા.

જ્યાં આધારકાર્ડનુ કામ કરતા ઓપરેટરને પિતાએ પુત્રના આધારકાર્ડમાં નામમાં સુધારો કરવા માટે જન્મનું પ્રમાણપત્ર આપ્યું હતું.

જોકે ઓપરેટર આ જન્મનો દાખલો શંકાસ્પદ લાગ્યો હતો. જેથી તેઓએ આ જન્મના પ્રમાણપત્રનો ફોટો પાડીને આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર શમિક જોષીને મોકલ્યો હતો. જેથી તેઓએ જન્મના પ્રમાણપત્રની પોતાના મોબાઈલમાં બારકોડના આધારે ચકાસણી કરી હતી. જેમાં જન્મનો દાખલો ડુપ્લીકેટ હોવાનું જણાઇ આવ્યું હતું.દરમિયાન આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરે મકરપુરા પોલીસ સ્ટેશનમા જન્મનું પ્રમાણપત્ર રજૂ કરનાર બાળકના પિતા તથા તેમને જન્મનું પ્રમાણપત્ર બનાવી આપનાર શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## ભરૂચમાં ધો.૧૦-૧૨ પૂરક પરીક્ષા ૧૯ કેન્દ્રો પર ૫ હજાર વિદ્યાર્થીઓ હાજર



ભરૂચ જિલ્લાના ૧૯ પરીક્ષા કેન્દ્રો પર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પૂરક પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. ધોરણ-૧૦માં પ્રથમ ભાષા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્ર તેમજ ભૂગોળની પરીક્ષા લેવાઈ રહી છે.પરીક્ષામાં ધોરણ-૧૦ના ૨૬૪૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૧૨૯૦ અને વિજ્ઞાન પ્રવાહના ૯૧૦ વિદ્યાર્થીઓ સહિત કુલ ૫ હજાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા છે. પરીક્ષાનો સમય સવારે ૧૦:૩૦થી ૧:૪૫ સુધી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે બપોરે ૩:૦૦થી સાંજે ૬:૩૦ સુધીનો સમય નિર્ધારિત કરાયો છે.

## વેરાવળના ભેટાળીમાં ત્રણ સિંહો ઘૂસ્યા બે વાછરડાંને ફાડી ખાધા



ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ભેટાળી ગામમાં સિંહોએ આતંક મચાવ્યો છે. રાત્રે અઢી વાગ્યાના સુમારે ત્રણ સિંહો દસ ફૂટ ઊંચી દીવાલ કૂદીને રામસીભાઈ મોરીના રહેણાંક મકાનના વાડામાં પ્રવેશ્યા હતા. સિંહોએ વાડામાં રહેલા બે વાછરડાંનું મારણ કર્યું હતું.

મકાન માલિક રામસીભાઈએ સિંહોને જોતાં જ હાકલા પાડીને ભગાડ્યા હતા. ભેટાળી ગામમાં છેલ્લા ઘણા સમયથી સિંહોના ધામા જામ્યા છે. સિંહો અવારનવાર રખડતા પશુઓનું મારણ કરતા હોવાથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે.

## આચાર્ય મહાશ્રમણજીનું આગમન ભક્તોનો ઉત્સાહ ૨૧૮ ઉપવાસ પર



તેરાપંથ ધર્મસંઘના આચાર્ય મહાશ્રમણજી આજે અમદાવાદ પહોંચ્યા છે. તેઓ આ વર્ષે પ્રેક્ષાવિશ્વભારતી કોબા ખાતે ચાતુર્માસ કરશે. ગત વર્ષે તેમનો ચાતુર્માસ સુરત ખાતે હતો.

લિંબડિયાથી શરૂ થયેલા વિહાર દરમ્યાન તેમણે ૧૦ કિલોમીટરનું અંતર કાપ્યું. અમદાવાદની સીમામાં પ્રવેશતા જ હજારો શ્રદ્ધાળુઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. મુનિ જીતેન્દ્રકુમારજી સહિતના સંતોએ પણ આચાર્યશ્રીના દર્શનનો લાભ લીધો.

## ડોક્ટર્સે પૂછ્યું– RSS છો?
### ૨૦૦થી વધુ સ્વયંસેવકો ૩ શિફ્ટમાં હાજર, કાર્યકરે કહ્યું– તબીબોએ મૃતદેહો સામે માફી માંગી



ચારેકોર લાશોના ઢગલા.... ઊબકા આવે એવી દુર્ગંધ....આક્રંદ કરતા ચહેરાઓ..અને અસહ્ય ગરમી.. આ બધાની વચ્ચે અમદાવાદમાં પ્લેન ક્રેશ સાઈટ અને સિવિલ હોસ્પિટલમાં કેટલાક લોકો ખડેપગે નિઃસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા હતા. શરીર પર સફેદ શર્ટ, ખાખી પેન્ટ અને માથા પર કાળા રંગની ટોપી, કહેવાની જરૂર નહી પડે કે આ લોકો RSS (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)ના કાર્યકરો હતા. બળેલી લાશો ઉપાડવાથી માંડીને સિવિલના ગેટ પર ટ્રાફિક મેનેજમેન્ટ અને લોકોને પાણી આપતા સંઘના કાર્યકરોના ફોટો-વીડિયો તો તમે જોયા જ હશે, પરંતુ તેમનું એક એવું પાસું પણ હતું, જે તમે નહી જાણતા હો.

ડૉક્ટર્સે DNA ટેસ્ટ માટે સંઘના કાર્યકરોની ટીમને ડેડ બોડીના ટુકડા કાપીને લાવવાનું કામ સોંપ્યું હતું. સંઘના કાર્યકરોએ આ કપરૂં કામ પણ સ્વીકાર્યું અને બ્લેડથી શરીરમાંથી સેમ્પલ એકત્ર કરીને ટેસ્ટ માટે ડૉક્ટર્સને આપ્યા હતા. સિવિલમાં સંઘના જે કાર્યકરોની ટીમ હતી તેમાં ૨ કાર્યકર એવા હતા, જે પોતે જ ડૉક્ટર હતા. મેડિકલ એથિક્સમાં માનનારા લોકોને કદાચ આ વાત ગળે ન ઊતરે પણ એ સમયે અફરાતફરીના વાતાવરણમાં કાર્યકરોએ રાહત કામગીરીના ભાગરૂપે અને માનવતાના ધોરણે આ કામ કર્યું હતું. એનો ઉલ્લેખ સંઘના સાપ્તાહિક મેગેઝિન સાધનામાં છપાયેલા લેખમાં કરાયો છે. એ પછી દિવ્ય ભાસ્કરે સેવામાં જોડાયેલા RSSના કાર્યકર હિમાલય ગૌસ્વામી સાથે ખાસ વાતચીત કરી હતી, સાથે જ કેટલાક પીડિત પરિવારોને મળી તેમનો પ્રતિભાવ પણ જાણ્યો હતો.

પ્લેન ક્રેશ બાદ સંઘના ૨૦૦ કરતાં વધારે કાર્યકરોએ ૩ શિફ્ટમાં કામગીરી કરી હતી. ૬૦ સ્વયંસેવક સવારના સમયે ૧૦૦ સ્વયંસેવક દિવસ દરમિયાન અને ૬૦ સ્વયંસેવક આખી રાત દરમિયાન કામ કરતા હતા. તેમણે પીડિત પરિવારો માટે પ્રાથમિક વ્યવસ્થાની સાથોસાથ તેમની સાથે રહીને સહાનુભૂતિ આપવાથી લઈને મૃતદેહ મળે ત્યારે સાંત્વના પાઠવવાની કામગીરી કરી હતી.

## PIનો પુત્ર હત્યારાના ઘરે જમ્યો, અઢી કરોડના દારૂ સાથે રહસ્ય પકડાયું



આ ઘટના રાતે બની. વહેલી સવારે વરદાભાઈનો પોલીસ ઈન્સ્પેક્ટર દીકરો અજમલ પટેલ વડોદરામાં સ્ટાફ સાથે દારૂનો જંગી જથ્થો પકડવા રેડ પાડે છે. દરોડાની કાર્યવાહી ચાલી રહી છે ત્યાં તેમના ગામ જસરાથી ફોન રણકે છે. પીઆઈને નવાઈ લાગે છે કે હજી અજવાળુંય નથી થયું ને ગામથી ફોન? ફોન ઉપાડ્યો તો સમાચાર મળ્યા કે તમારાં બા-બાપુજીને કોઈએ મારી નાખ્યાં છે. પીઆઈ તો બે ઘડી ધબકારો ચૂકી ગયા. ગામમાં બે-ચાર જણા પાસેથી ખરાઈ કર્યા પછી મારતી ગાડીએ જસરા જવા નીકળ્યા.

આ સાર હતો આખી ઘટનાનો. પણ સવાલ એ હતો કે પોલીસ ઈન્સ્પેક્ટરનાં માતા-પિતાની હત્યા કોણે કરી? શા માટે કરી? લૂંટના ઈરાદે જ કરી કે બીજું કોઈ કારણ હતું? આ બધા સવાલો ઘેરી વળ્યા હતા ને પોલીસે બહુ ટૂંકા સમયમાં ભેદ ઉકેલી નાખ્યો.

જસરા ગામ બનાસકાંઠાના લાખણી તાલુકાનું ગામ છે.કોઈ લૂંટારા ગેંગ હોવાનું માની લીધું, પણ હત્યારા બાજુના ઘરમાં જ રહેતા હતા

સોમવાર ૧૬ જૂનની વહેલી સવારે વૃદ્ધ દંપતીના ડબલ મર્ડરની ઘટના સામે આવી. આ વૃદ્ધ દંપતી SMC એટલે કે સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી.પટેલનાં માતા પિતા હતાં. SMCના પીઆઈનાં માતા-પિતાની હત્યાની ઘટનાથી પોલીસબેડામાં સન્નાટો છવાઈ ગયો. આ ડબલ મર્ડરની ઘટના ગુજરાતમાં પણ ચર્ચામાં રહી.

આ હત્યા લૂંટના ઈરાદે કરાઈ હતી, જેમાં વૃદ્ધ દંપતીના કાન કાપી તેમજ પગ કાંડાથી કાપી ઘરેણાં લૂંટી લેવાયા હતા. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને પકડી પાડ્યા. આ ક્રૂર હત્યાને અંજામ આપનાર અન્ય કોઈ નહી, પરંતુ પાડોશમાં જ રહેતા સુરેશ પટેલ, તેના પિતા શામળાજી પટેલ અને અન્ય બે તંત્રવિદ્યા જાણતા ભૂવા નીકળ્યા.

## પંતનો ગુસ્સો, બુમરાહનો ઈતિહાસ, બ્રુક સદી ચૂકી ગયો




હેડિંગ્લી ટેસ્ટના ત્રીજા દિવસે ભારતે ૯૬ રનની લીડ મેળવી લીધી છે. રવિવારે ઈંગ્લેન્ડનો પહેલી ઈનિંગ્સ ૪૬૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ આધારે ભારતને ૬ રનની લીડ મળી હતી. જ્યારે અમ્પાયરે બોલ બદલ્યો નહી, ત્યારે પંતે ગુસ્સાથી બોલ બીજી બાજુ ફેંકી દીધો. બુમરાહ SENA (દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા) માં ૧૫૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો. તેણે વિદેશમાં મહત્તમ ૫ વિકેટ લેવાની બાબતમાં કપિલ દેવની બરાબરી પણ કરી. હેરી બ્રુકને ૩ જીવ મળ્યા, તે પછી પણ તે ૯૯ રન પર આઉટ થયો.

## પાકિસ્તાની એક્ટ્રેસ સાથે રોમાન્સ, દિલજીત પર દેશદ્રોહીનો આરોપ




દિલજીત દોસાંઝે રવિવારે મોડીરાત્રે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 'સરદાર ૩'નું ટ્રેલર શેર કર્યું. ૨૭ જૂને રિલીઝ થઈ રહેલી આ ફિલ્મમાં પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિરની હાજરીથી વિવાદ શરૂ થયો છે. FWICEના પ્રમુખ બી.એન. તિવારીએ દિવ્ય ભાસ્કરને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે આ ફિલ્મ ભારતમાં રિલીઝ થવા દેવામાં આવશે નહી. પાકિસ્તાની કલાકારો સાથે કામ કરતા દરેક નિર્માતા અને એક્ટર પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને તેમણે એમ પણ કહ્યું હતું કે હવે દિલજીત દોસાંઝ ભારતમાં ક્યાંય પણ પર્ફોર્મ કરી શકશે નહી.

## સરપંચની ગળા કાપી હત્યા, નકસલીઓએ ગામમાં આતંક, લોકોનો આરોપ– CRPFએ અમને જ માર્યા




ગત ૮ જૂન, શનિવારે સાંજના લગભગ ૭:૩૦ વાગ્યા હતા. જંગલોની વચ્ચે વસેલા પૂવર્તી ગામમાં સંપૂર્ણ શાંતિ હતી. આ ગામ છત્તીસગઢના સુકમા જિલ્લામાં આવેલું છે. અંધારું થયા પછી અહી ચહલપહલ બંધ થઈ જાય છે. ગામના સરપંચ રામા બોડકે પણ ઘરમાં જ હતો. ત્યારે ગાઢ વૃક્ષોની વચ્ચેથી ૧૦-૧૨ લોકો રામાના ઘર તરફ આગળ વધ્યા. તેમના હાથમાં બંદૂકો અને લાકડીઓ હતી. બધાએ રૂમાલથી મોઢું ઢાંક્યું હતું. તે લોકોએ રામાને ખેંચીને બહાર કાઢ્યો. પહેલા લાકડીઓથી માર્યો, પછી ગરદન પર કુહાડીથી હુમલો કર્યો. રામાને બચાવવા આવેલા લોકોને પણ માર્યા. આ હુમલાખોર નક્સલીઓ હતા. તેમણે એક પત્ર પણ છોડ્યો, જેમાં લખ્યું હતું કે રામા પોલીસનો ખબરી હતો, તેથી તેને મોતની સજા આપવામાં આવી. રામા જે પૂવર્તી ગામના સરપંચ હતો, તે જ ગામ મોસ્ટ વોન્ટેડ નક્સલી CPI (માઓવાદી)ના સેન્ટ્રલ કમિટીના સભ્ય માડવી હિડમા અને બટાલિયન નંબર-૧ના કમાન્ડર દેવા બારસેનું પણ ગામ છે. 'નક્સલગઢથી ભાસ્કર' સિરીઝની આ વાર્તામાં વાંચો કે કેવી રીતે પૂવર્તી ગામમાંથી નીકળેલો હિડમા એક કરોડનો ઈનામી નક્સલી બની ગયો. કેવી રીતે આ ગામ નક્સલીઓથી મુક્ત થયું અને શું રામા બોડકેની હત્યા તેમના આતંકની પાછી ફરવાની નિશાની છે.

## નખથી જેલ ભેદી, નકલી ડેન્ટિસ્ટ બની ૧.૫ કરોડ કમાયા!



તમે ઘણીવાર ફિલ્મોમાં જોયું હશે કે હીરો અને વિલન જેલમાંથી ભાગવા માટે ઘણી યુક્તિઓનો ઉપયોગ કરે છે. હવે હકીકતમાં પણ એક વ્યક્તિ જેલમાંથી ભાગવા માટે પોતાના નખ વડે દીવાલ ખોતરી નાખી છે. પછી તે ભાગવા માટે ખાડામાં પ્રવેશતાંની સાથે જ અડધે રસ્તે ફસાઈ ગયો. એક એવી જગ્યા છે, જ્યાં દર વર્ષે ડોગ્સને ફેન્સી ડ્રેસ પહેરાવીને દરિયામાં રેસ થાય છે.

## મંડે મેગા: ત્રણ લગ્ન, સેક્સ ટેપ વિવાદ, નેતન્યાહુ મધ્યપૂર્વનો નકશો બદલી રહ્યા છે



તેલ અવીવની શેરીઓમાં જન્મેલા, સેનામાં દુશ્મનો સામે લડ્યા, પછી MITમાં અભ્યાસ કર્યો અને ત્રણવાર લગ્ન કર્યા. જ્યારે સેક્સ ટેપ લીક થઈ ત્યારે તેઓ ટીવી પર રડ્યા, પરંતુ સત્તાની ખુરસી પરથી ખસ્યા નહી. આજે મધ્યપૂર્વ યુદ્ધની આગમાં સળગી રહ્યું છે અને નેતન્યાહુ તેનું સૌથી શક્તિશાળી પાત્ર છે. છેલ્લા બે દાયકામાં તેમણે ઈરાક યુદ્ધમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી, હિઝબુલ્લાહને કચડી નાખ્યા, ગાઝાને ખંડેરમાં ફેરવ્યું અને ઈરાનને ખુલ્લા યુદ્ધમાં ખેંચી લીધું.

## ડો. ઓમ પ્રકાશે રાજકોટ કલેક્ટરના રૂપે ચાર્જ સંભાળ્યો, લોકમેળો SOP મુજબ જ યોજાશે



રાજકોટના નવા જિલ્લા કલેક્ટર તરીકે આજે (૨૩ જૂન) સોમવારે ડૉ. ઓમ પ્રકાશે ચાર્જ સંભાળ્યો હતો. પ્રથમ દિવસે જ તેમના દ્વારા રાજકોટના રેસકોર્સ મેદાનમાં સૌરાષ્ટ્રના સૌથી મોટા ભાતીગળ લોકમેળાનુ રાજ્ય સરકારની SOPમાં કોઈ બાંધછોડ કર્યા વિના કઈ રીતે આયોજન કરી શકાય તેની બેઠક કરવાનો નિર્ધાર કર્યો હતો. જરૂર પડ્યે રાઈડ ધારકો સાથે પણ મિટિંગ કરવાની વાત કરી હતી. આ ઉપરાંત રાજકોટ-જેતપુર હાઈવે પર બ્રિજના કામોને લીધે વાહનચાલકોને પડતી મુશ્કેલીનો પોતે પણ અનુભવ કર્યો હોવાની વાત કલેકટરે કરી હતી. જેથી આ માટે નેશનલ હાઈવે ઓથોરિટી અને પોલીસ સાથે સંકલનમાં રહી લોકોને કઈ રીતે ઓછામાં ઓછી ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડે અને બ્રિજનું કામ કેટલું ઝડપથી થઈ શકાય તે માટે ચર્ચા કરાશે તેમ જણાવ્યુ હતુ.

આ સિવાય ઈન્ડસ્ટ્રીયલ હબ ગણાતા રાજકોટ જિલ્લાની જરૂરિયાતના આધારે તેનું ડેવલપમેન્ટ કરવા અને ઉભરતા સેક્ટરને આગળ લઈ આવવા માટે પ્રયત્ન કરવામાં આવશે. અગાઉ દોઢ વર્ષ અહી રાજકોટ ગ્રામ્યમાં પ્રાંત અધિકારી તરીકે કામ કર્યું હોવાનો અનુભવ કલેકટર તરીકેની કામગીરીમાં ખૂબ કામ આવશે તેવું જણાવ્યું હતું.

## VMC કચેરીમાં ગંદકી, જૈન ઉપાશ્રયમાં ઉંદર-સાપથી સમુદાયમાં રોષ



શહેરના રાવપુરા GPO પાછળ, ભાલેરાવ ટેકરી ખાતે વડોદરા કોર્પોરેશન વોર્ડ નંબર ૧૩ની કચેરી આવેલી છે. આ વોર્ડ કચેરીની બાજુમાં શ્રી કચ્છી અચલગઢ જૈન સંઘ આવેલું છે. વોર્ડ કચેરીના કમ્પાઉન્ડમાં કોર્પોરેશનના પડેલા ભંગાર, જંગલી ઝાડ અને ઘાસ હોવાથી જૈન ઉપાશ્રયમાં ઉંદર, સાપ જેવા જીવ-જંતુ આવી જતાં હોવાથી ઉપાશ્રયમાં આવતા શ્રદ્ધાળુઓએ વહેલીતકે ગંદકી સાફ કરવા માંગણી કરી છે.

મહિલાઓએ પાલિકા સામે રોષ ઠાલવ્યો

ઉલ્લેખનીય છે કે, આ જૈન ઉપાશ્રયમાં ભોજન શાળા પણ ચાલે છે. જ્યાં જૈન સમાજના લોકો સહિત શહેરના લોકો જમવા માટે આવે છે. આ ઉપાશ્રયની પાછળ જ કોર્પોરેશનનો સામાન અને જંગલી ઝાડી ઝાંખરા થઈ ગયા હોવાથી ભોજન શાળામાં પણ મોટા ઉંદર અને અને અન્ય જીવ-જંતુઓ આવી રહ્યા છે. લોકો જમવા બેઠા હોય ત્યારે પણ ઉંદરો ફરતા હોય છે. આજે જૈન સમાજની મહિલાઓ ઉપાશ્રયમાં એકઠી થઈ હતી અને પાલિકા સામે રોષ ઠાલવ્યો હતો. મહિલાઓએ ઉપાશ્રયની પાછળથી ભંગાર દૂર કરવા અને ઝાડી ઝાંખરા દૂર કરવા માંગ કરી હતી.

## દોહાદમાં સમિક્ષા બેઠક યોજાઈ




રાવત રાકેશ - દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ ખાતર સપ્લાય સમિક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી.આ બેઠક દરમ્યાન ખેતીવાડી વિભાગ, દાહોદએ પીપીટી દ્વારા આંકડાકીય માહિતી રજુ કરી હતી. જેમાં તાલુકા વાઈઝ વિતરણ સ્થળ અને ખાતરના જથ્થાની વિગત, યુરિયા, ડીએપી તેમજ એનપીકે ખાતરની વિગત, ખાતર વિતરણ માટે કરવાની થતી કામગીરી તેમજ ખાતર વિક્રેતાની સપ્લાય જથ્થાની મર્યાદા નિર્ધારિત કરવા જેવી મહત્વની બાબતોની સમિક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ તમામ તાલુકાઓમાં ખાતર સપ્લાય સમયસર થાય અને ખેડૂતો સુધી ખાતર પહોંચે એ મુજબ તકેદારી રાખી કામગીરી કરવા સુચના આપી હતી. જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેડૂતોને માંગ મુજબ ખાતર મળી રહે એ મુજબ વ્યવસ્થા કરી આગોતરા માઈક્રો પ્લાનીગ કરીને કામગીરી કરવા જણાવ્યું હતું.

આ નિમિતે ખેતીવાડી અધિકારી શ્રી પ્રથિક દવે, અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ કંપનીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. - અખંડ ભારત

## ચંદરવામાં એક હજાર વૃક્ષોનું વાવેતર કરાયું



મયુર ભટ્ટ - બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ચંદરવા ગામે મિશન ગ્રીન બોટાદ ની મદદ થી સ્મશાનમાં ૧૦૦૦ વૃક્ષો નુ વાવેતર કરાયું જેમાં ચંદરવા ગામના સરપંચ રણજીતસિંહ પરમાર ચંદરવા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી મયુરભાઈ ડી ભટ્ટ તેમજ તમામ ગ્રામજનો ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. અખંડ ભારત

## ડોડીસારા પ્રા. શાળાની વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન



ડોડીયાર સંજય - ભિલોડા તાલુકાના મોટા ડોડીસરા પ્રાથમિક શાળાની અંડર ૧૪ ગર્લ્સ કબ્બડી ટીમની બે ખેલાડી જેવી કે ડુંડ ભાવિકા પ્રદીપભાઈ અને ડુંડ અંજલી કલ્પેશભાઈ કે જેઓ જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલમાં એડમિશન માટેના પ્રુવન ટેલેન્ટ કસોટીમાં પસંદગી પામ્યા હતા. ત્યાર બાદ આજે બંને ખેલાડીઓની સ્કૂલ પસંદગી થઈ જેમાં બંને ખેલાડીઓ શ્રી.જે. બી. અને એસ.એ.સાર્વજનિક શાળા વ્યારા, તાપી ખાતે એડમિશન મળેલ છે. એ સમગ્ર ગામ,શાળા અને તાલુકા માટે ગૌરવ ની બાબત છે. આ સફળતા પાછળ છેલ્લા બે વર્ષથી રમતગમતની તૈયારી કરાવતા ડૉ. કે.આર.શ્રોફ.ફાઉન્ડેશન ના શિક્ષક અનિલભાઈ ભાગોર નું યોગદાન રહ્યું છે.આમ દીકરીઓએ મેળવેલ અભૂતપૂર્વક સફળતા બદલ શાળાના આચાર્ય રોશનભાઈ ડામોર, સ્ટાફ પરિવાર, સીઆરસી,અને ડૉ.કે.આર.શ્રોફ. ફાઉન્ડેશન ના ભિલોડા તાલુકા ના ક્લસ્ટર હેડ રોહિતભાઈ પટેલ, ગામના આગેવાનો, યુવામિત્રો એ બંને દીકરીઓને ખુબ ખુબ શુભકામના પાઠવી હતી.- અખંડ ભારત

## દિયોદર તાલુકાની ૨૯ ગ્રામ પંચાયતમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું



કલ્પેશ બારોટ - દિયોદર તાલુકાની ૨૯ ગ્રામ પંચાયત ની ચૂંટણી ને લઈ વહેલી સવાર થી વરસાદી માહોલ વચ્ચે પણ લોકો મતદાન કરવા આગળ આવ્યા હતા ગ્રામ પંચાયત ની પેટા ચૂંટણીને લઈ મતદારોમાં અનેરો આનંદ જોવા મળી આવ્યો હતો મતદારો વહેલી સવારથી મતદાન કેન્દ્ર પહોંચ્યા હતા અને પોતાના મતાધિકાર નો ઉપયોગ કર્યો હતો પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું દિયોદર તાલુકા સોની ,વડીયા,નવાપુરા ,ગ્રામ પંચાયત બેઠક પર રસાકસી ભર્યો માહોલ જોવા મળ્યો હતો ગ્રામ પંચાયત ની ચૂંટણી ને લઈ દિયોદર પોલીસ તંત્ર દ્વારા મતદારો ને મદદ રૂપ થઈ મતદારોમાં ઉત્સાહ વધાર્યો હતો અને બીજી તરફ વહીવટી તંત્ર પણ ખડેપગે રહ્યુ હતુ.જેમાં દિયોદર તાલુકામાં ૮૩.૫૯ % ટકા મતદાન થયું હતું . અખંડ ભારત

# હિંમતનગર નેશનલ હાઇવે કાટવાડ પાસે ગમખ્વાર અકસ્માત

કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા ના ચિલોડા હિંમતનગર નેશનલ હાઈવે પર કાટવાડ પાસે લકઝરી બસ ચિલોડા તરફથી ઉદેપુર તરફ જઈ રહી હતી તો ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અકસ્માત સર્જી ટ્રક ચાલક ગાડી લઈને ફરાર થઈ ગયો હતો લકઝરી બસ નો સાઈડનો ભાગ ફુરચો બોલાઈ ગયો હતો તો લકઝરી બસમાં સવાર બે લોકોના ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું તો આઠ લોકોને ગંભીર ઈજાઓ થતાં હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા



હતા લકઝરી બસના પતરા કાપી લોકોને બહાર કઢાયા હતા.ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસ અને ફાયર બ્રિગેડને તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ ઈજાગ્રસ્તોને બહાર કાઢી હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા.-અખંડ ભારત

# રીદ્રોલમાં વૃક્ષારોપણ કરાયું



લાલભાઈ પટેલ - રીદ્રોલ જ્યોતિ વિદ્યાલય હાઈસ્કુલ માં ગુજરાત સરકારના વૃક્ષારોપણ કાર્યક્રમ એક પેડ મા કે નામ અંતર્ગત મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ હળી મળીને વૃક્ષારોપણ કરી વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ લીધો હતો.-અખંડ ભારત

# રાજકોટ કમલમ ખાતે શ્રદ્ધાંજલિ સભા, વિજય રૂપાણીનો પાર્ટીનો નિર્ણય મારો નિર્ણયનો મંત્ર ગુંજ્યો

અમદાવાદ પ્લેન ક્રેસ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પણ નિધન થયા બાદ અખાએ ગુજરાતમાં જિલ્લા મથકે ભારતીય જનતા પાર્ટી દ્વારા શ્રદ્ધાંજલિ આપવા માટે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવી રહ્યું છે જે અંતર્ગત રાજકોટ શહેર ભાજપ દ્વારા રાજકોટ શહેર કમલમ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે શહેર ભાજપ દ્વારા આયોજિત પ્રાર્થના સભામાં મોટી સંખ્યામાં



શહેર ભાજપના કાર્યકર્તા તેમજ સમાજના શ્રેષ્ઠિઓ આ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહી વિજય રૂપાણીના આત્માને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. સિક્કિમના રાજયપાલ અને ગુજરાત ભાજપના પૂર્વ પ્રભારી ઓમ માથુર પણ આજે રાજકોટ આવ્યા હતા અને પરિવારને શાંત્વના પાઠવી અને વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# કોયલામાં શોક સભા યોજાઈ



મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકા ના કોયલા ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વાર્ષિક સાધારણ સભા દરમ્યાન ઉપસ્થિત મંડળીના હોદ્દેદારો,બોર્ડ ઓફ ડીરેક્ટર્સ અને સ્થાનિકો એ અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોની આત્માને ભગવાન શાંતિ આપે તે માટે બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી અર્પિ હતી. અખંડ ભારત

# માણેકપુર થી રાજપુરા માર્ગનું મરામત કરવા માંગ

રાજેન્દ્ર ઠાકર - માણસા તાલુકાના માણેકપુર થી રાજપુરા જતાં માર્ગ ખખડધજ બનતા સ્થાનિક પ્રજાજનો,અને રાહદારીઓ બિસ્માર માર્ગની હાલતથી મુશ્કેલીમાં મુકાયા છે.સત્વરે આ માર્ગનું મરામત કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનોની માંગ ઉઠી છે. અખંડ ભારત



# પોરબંદરમાં ત્રણ બનાવઃ દંપતીને વીજશોક, દારૂ અને જુગારના કેસે ખળભળાટ



પોરબંદરમાં એક જ દિવસમાં ત્રણ અલગ-અલગ બનાવ સામે આવ્યા છે. બોખીરા કે.કે.નગર વિસ્તારમાં એક દંપતીને વીજશોક લાગ્યો છે. કલ્પેશ કોટીયા અને તેમના પત્ની છાંયા રણ વિસ્તારમાંથી ચોમાસા દરમિયાન ભાડાના મકાનમાં રહેવા આવ્યા હતા. મકાનમાં મીટર ન હોવાથી બાજુના મકાનમાંથી વીજ કનેક્શન લીધું હતું. વાયર બોર્ડમાંથી છૂટો પડતાં કલ્પેશભાઈને વીજશોક લાગ્યો હતો. તેમને બચાવવા જતાં તેમના પત્નીને પણ વીજશોક લાગ્યો હતો. બંનેને સારવાર માટે ભાવસિંહજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બીજા બનાવમાં પોરબંદર-રાજકોટ નેશનલ હાઈવે પર ચૌટા ચેકપોસ્ટ પાસેથી એક કારમાંથી વિદેશી દારૂની ત્રણ બોટલ મળી આવી છે. કારની સીટ નીચેથી રૂ. ૧,૨૦૬ની કિંમતનો દારૂ મળ્યો હતો. પોલીસે બોખીરા વિસ્તારના કેવલ દેવાભાઈ કેશવાલાની ધરપકડ કરી છે. કુતિયાણા પોલીસ સ્ટેશનમાં તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ત્રીજા બનાવમાં માધવપુરના મરછી માર્કેટ નજીક જાહેર રસ્તા પર જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે. ઉંમર જુસબ લખપતી, ફિરોજ બોદુભાઈ મલેક, બશીર બોદુભાઈ પઠાણ અને શકીલ ભીખુભાઈ લખપતી સહિતના શખ્સો પાસેથી રૂ. ૧૧,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# વસ્ત્રાલમાં એડવાન્સ કપ ટેકવોન્ડોઃ ૪૦૦ ખેલાડીઓનો જુસ્સો, RPF-NSG અધિકારીઓ હાજર



કુશાભાઉ ઠાકર હોલ, વસ્ત્રાલ ખાતે શ્રી છત્રપતિ શિવાજી રાજે ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એડવાન્સ કપ ઓપન ટેકવોન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. એડવાન્સ ટેકવોન્ડો અકેડેમીના નિદેશક સૌરભ ભાઈના નેતૃત્વમાં આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યોમાંથી ૪૦૦ ખેલાડીઓએ ભાગ લીધો.

કાર્યક્રમમાં ૧૦૦ આર.એ.એફ. બટાલિયન ગુજરાતના સહાયક કમાન્ડન્ટ અશોક કુમાર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. સહાયક કમાન્ડર શ્રી રવિ વર્મા અને એનએસજી કર્નલ શ્રી વિશાલ પાટીદાર પણ વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો અને તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી.

# જામનગરમાં અનૈતિક સંબંધે લીધેલી હત્યાની આશંકા, ૪૨ વર્ષીય યુવકની લાશ મળી



જામનગરના નવાગામ ઘેડ વિસ્તારની ઈન્દિરા સોસાયટીમાં એક ચકચારી ભરી ઘટના સામે આવી છે. સોસાયટીની શેરી નંબર ૭-બીમાં રહેતા ૪૨ વર્ષીય મિલન પરમારની લાશ લોહીલુહાણ હાલતમાં મળી આવી છે.

મૃતદેહ પર ઈજાના નિશાન અને લોહીના ડાઘ જોવા મળ્યા હતા. સ્થાનિક લોકોએ લાશ જોતાં જ ૧૦૮ને જાણ કરી હતી. એમ્બ્યુલન્સની ટીમે પહોંચીને તપાસ કરતા યુવક મૃત હાલતમાં જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં સિટી બી-ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મૃતકના પરિવારજનોએ હત્યાની આશંકા વ્યક્ત કરી છે.

# મોડાસામાં બાળકોમાં સિંચન માટે પ્રશિક્ષણ યોજાયું



સુહાગ જોષી - ગાયત્રી ચેતના કેન્દ્ર મોડાસા એ જનહિત સમાજ નિર્માણ માટે અનેક કાર્યક્રમો હાથ ધરેલ છે.હાલની વિકટ પરિસ્થિતિઓ, મોબાઈલ દ્વારા બાળકોમાં આડઅસર, વ્યસનોનું આક્રમણ તેમજ અનેક કુસંસ્કારોની આડઅસરોથી બાળકોને બચાવવા ખૂબ જ જરુરી છે. આ માટે ગાયત્રી ચેતના કેન્દ્ર મોડાસા સહિત અનેક ગામેગામ નિઃ શુલ્ક બાળ સંસ્કાર કેન્દ્રો ચલાવવા આયોજન કર્યું. જેમાં આસપાસના બાળકો અઠવાડિક એક દિવસ એક કલાક માટે એકઠા કરવામાં આવે. તે માટે વિશેષ તાલીમ લીધેલ આચાર્ય આ બાળકોને શ્રેષ્ઠ સંસ્કારવાન બનાવવા રમતો, ગીતો, બોધકથાઓ , ભારતીય ઉત્સવો, જન્મ દિવસ ઉજવણી વિગેરે અલગ અલગ પ્રકારના માધ્યમથી સંસ્કાર સિંચન માટે પ્રયાસ કરે.આ બાળ સંસ્કાર કેન્દ્રોના સંચાલન કરનાર આચાર્યો માટે તાલીમ માટે આ અભિયાનના મોડાસા ક્ષેત્રના સંયોજક અમિતાબેન પ્રજાપતિએ આ વિશેષ પ્રશિક્ષણનું ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે ૨૧ જૂન શનિવારે આયોજન કર્યું. પ્રમુખ ધર્માભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં દિપ પ્રજ્વલિત કરી આ પ્રશિક્ષણ શિબિરનો શુભારંભ થયો.અરવલ્લી જિલ્લા ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારાએ બાળ સંસ્કાર કેન્દ્રોનું મહત્વ સમજાવ્યું . આ વિષયના નિષ્ણાંત રોહિણીબેન શર્મા એ ખૂબ જ ઝીણવટ ભરી બાબતો સાથે સૌને પ્રશિક્ષણ આપ્યું. બાલ સંસ્કાર અભિયાનના અરવલ્લી જિલ્લા સંયોજક સોમાભાઈ બારોટ, યુવા પ્રકોષ્ઠ ગુજરાતના સંયોજક કિરિટભાઈ સોનીએ જરુરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું.

પ્રિતિબેન ભટ્ટે સૌનો આભાર માની સમાપન કર્યું. આ પ્રશિક્ષણમાં મોડાસા તેમજ ગામેગામથી આચાર્ય બહેનો તેમજ ભાઈઓ જોડાયા. મોડાસા સહિત ગામેગામ ૭૦ કેન્દ્રો ચલાવવા આયોજન કરાયું હતું.-અખંડ ભારત

# વેરાખાડી વિસ્તારમાં બેફામ રેતી ખનન, તંત્ર નિષ્ક્રિય, ગ્રામજનો ત્રસ્ત

આણંદ તાલુકાના વહેરાખાડી સહિત નદી કાઠાંના પ્રતાપપુરા, ખોરવાડના ગામોમાંથી પસાર થતી મહી નદીમાંથી ગેરકાયદે રેતી ખનનની પ્રવૃત્તિ મોટા પાયે ચાલતી હોવાની રજૂઆત ગ્રામજનો દ્વારા કલેક્ટરને કરાઈ હતી. આણંદ તાલુકાના વહેરાખાડી ગામેથી પસાર થતી મહી નદીમાંથી કેટલાક તત્વો દ્વારા ગેરકાયદે રીતે રેતી ખનનની પ્રવૃત્તિ મોટા પાયે ચાલી રહી છે. હાલ મહી નદીમાં પાણી હોવાથી આવા તત્વો દ્વારા નાવડી મુકી રેતી ખનન ખુલ્લે આમ કરવામાં આવી રહ્યું છે.



કોઈ પણ કક્ષાએથી રેતી કાઢવા માટેની પરવાનગી લીધા વિના મોટાપાયે રેતી ખનનની ગેરકાયદેસર પ્રવૃત્તિ કેટલાક તત્વો દ્વારા આચરવામાં આવી રહી હોવાનો આક્ષેપ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે જિલ્લા કક્ષાએ મદદનીશ ભુસ્તર શાસ્ત્રી સહિત વારંવાર રજૂઆત કરવા છતાં આંખ આડા કાન કરાઈ રહ્યાનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે.

# દેવગઢ બારિયાની આંગણવાડીઓમાં વિવિધ પ્રવૃતિઓ યોજાઈ




રાકેશ રાવત - ભારત સરકાર દેશના આદિજાતિ સમુદાયોના સર્વાંગી વિકાસ તેમજ સશકિતકરણ માટે ભારત સરકારના આદિજાતિ મંત્રાલય ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.આ અભિયાન હેઠળ ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન સાધીને ગુજરાત રાજ્યના ૨૧ જિલ્લાઓના આદિજાતિ લોકોને લાભાન્વિત કરવામાં આવશે.જે પૈકી દાહોદ જિલ્લાના ૯ તાલુકાના ૫૧૨ ગામોના ૧૪,૪૩,૯૦૦ આદિજાતિ લોકોને લાભાન્વિત કરવાના ઉદ્દેશથી દાહોદ જિલ્લામાં સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.જે અંતર્ગત દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા ઘટક-૧ માં આંગણવાડી પ્રવેશોત્સવ ૨૦૨૫-૨૬ ના પૂર્વ આયોજનના ભાગરૂપે બાળકો દ્વારા અનેકવિધ રંગબિરંગી બનાવેલ આમંત્રણ પત્રિકા બનાવવામાં આવી હતી. જે આમંત્રણ પત્રિકા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આવવા માટે બાળકોના વાલીઓને આપી આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા "હમારા વિદ્યાલય હમારા તીર્થ" અભિયાન

અમદાવાદ, જૂન ૨૩, ૨૦૨૫ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ABRSM) દ્વારા શિક્ષણ ક્ષેત્રે એક અનોખી અને મહત્ત્વપૂર્ણ પહેલ શરૂ કરવામાં આવી છે. હમારા વિદ્યાલય હમારા તીર્થ નામનું આ અભિયાન શાળાઓમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપી, સંસ્કાર અને સંસ્કૃતિ સભર વાતાવરણનું નિર્માણ કરીને શાળાઓને તીર્થ સમાન બનાવવાનો ભગીરથ પ્રયાસ છે.આ અભિયાન અંતર્ગત અખિલ ભારતીય બે દિવસીય કાર્યશાળા આગામી ૨૭-૨૮ જૂન, ૨૦૨૫ ના રોજ કર્ણાવતી (અમદાવાદ) ખાતે યોજાશે. આ કાર્યશાળામાં સમગ્ર દેશમાંથી ૮૦ થી વધુ પદાધિકારીઓને પ્રશિક્ષિત કરવામાં આવશે, જેઓ આ અભિનવ સંકલ્પને દેશભરમાં સાકાર કરવામાં મદદરૂપ થશે. ગુજરાતમાં પ્રારંભિક તબક્કે ૧૦૦૦ શાળાઓને આ પહેલમાં જોડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.આ કાર્યશાળામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય બૌધિક પ્રમુખ સુનિલભાઈ મહેતાનું વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત થશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર તથા રાષ્ટ્રીય અધ્યક્ષ નારાયણલાલ ગુપ્તા પણ ઉપસ્થિત રહેશે. શિક્ષણવિદ અને સાહિત્યકાર હનુમાનસિંહ રાઠોડ (રાજસ્થાન) ની વિશેષ ઉપસ્થિતિ માર્ગદર્શક બનશે. રાષ્ટ્રીય અતિરિક્ત મહામંત્રી મોહનજી પુરોહિત તેમજ હમારા વિદ્યાલય હમારા તીર્થ ના સંયોજક ભગવતીસિંહ (ઉત્તર પ્રદેશ) તથા સહ-સંયોજક લછીરામ ઇંગ્લે (મધ્યપ્રદેશ) અને બલવીર નેગી (હિમાચલ પ્રદેશ) નું પણ માર્ગદર્શન મળશે.અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત શિક્ષણ, શિક્ષકોની વિવિધ માંગણીઓ અને શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે સંકલ્પબદ્ધ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે સંસ્થા અધ્યયનનો સમય, સ્વચ્છતા, સહયોગ, સ્પર્ધા, અનોખી પહેલ, વાલી-શિક્ષક સંવાદ, શ્રમાનુભવ, સામુહિક પ્રદર્શન અને શિક્ષક-વિદ્યાર્થી ઉપસ્થિતિ જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર સમગ્ર દેશ સહિત ગુજરાત રાજયમાં કાર્ય કરશે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઉત્તમ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે ગુજરાત સરકારના (કેબિનેટ) શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ સાહેબ તથા શિક્ષણ મંત્રી શ્રી (રાજય કક્ષા) પ્રફુલભાઈ પાનસેરીયા પણ સંકલ્પબદ્ધ છે. ત્યારે ABRSM ની આ પહેલ શિક્ષકો અને શાળાઓ સુધી પહોંચે તે માટે સંગઠન સંપૂર્ણ પ્રયત્નશીલ રહેશે. આ માટે સંગઠન આગામી સમયમાં રાજય, સંભાગ, જિલ્લા અને તાલુકા સ્તરે વ્યાખ્યાન, કાર્યશાળા, અભ્યાસ વર્ગ અને બેઠકોનું આયોજન કરશે.-અખંડ ભારત

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસે આવલી સિગ્નેચર સોસાયટીમાં સવારે ૭ વાગ્યે યોગ સત્ર



મોટેરા વિસ્તારમાં આવેલી આવલી સિગ્નેચર સોસાયટીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. સોસાયટી કમિટી દ્વારા રવિવારે સવારે ૭ વાગ્યે સોસાયટીના કોમન એરિયામાં યોગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સોસાયટીના મોટી સંખ્યામાં રહેવાસીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સોસાયટીના કોમન એરિયામાં યોજાયેલા આ યોગાભ્યાસ કાર્યક્રમમાં રહેવાસીઓએ વિવિધ યોગાસનોનો અભ્યાસ કર્યો હતો.

## છોટા ઉદેપુરમાં દીપડાનો હુમલો, ૧૧ વર્ષની બાળકી ઘાયલ



છોટા ઉદેપુરના કિકાવાડા ગામમાં દીપડાએ ૧૧ વર્ષની બાળકી પર હુમલો કર્યો હતો. બાળકીને માથાના ભાગે ગંભીર ઈજા થતાં પાવી જેતપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવી છે. ગત રાત્રે લગભગ ૧ વાગ્યે આ ઘટના બની હતી. બાળકી તેના પરિવાર સાથે ઘરમાં સૂતી હતી. તેના ભાઈએ લઘુશંકા માટે જતી વખતે ઘરનો દરવાજો બંધ કરવાનું ભૂલી ગયો હતો. આ તકનો લાભ લઈને દીપડો ઘરમાં ઘૂસી ગયો હતો.દીપડાએ સૂતેલી બાળકી પર અચાનક હુમલો કર્યો અને તેના માથાના ભાગે ઈજા પહોંચાડી હતી. હુમલાના અવાજથી પરિવારજનો જાગી ગયા હતા. તેમની બૂમાબૂમ સાંભળીને દીપડો ભાગી ગયો હતો. હાલમાં બાળકીની સારવાર પાવી જેતપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ચાલી રહી છે.

## ટીંટોઈમાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાઈ



હિતેન્દ્ર ગામેતી - અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ટીટોઈ ગામે ગ્રામ પંચાયતની સરપંચ તથા વૉર્ડ સભ્યો માટે ભારે રસાકસી સાથે સરપંચ પદ માટે આઠ ઉમેદવારોએ એડિચોટી નું જોર લગાવીને વહેલી સવારથી વરસાદી માહોલ વચ્ચે સવારથીજ મતદારો પોતાનો મત અધિકાર આપવા લાંબી લાઈનો જોવા મળી હતી. સ્વેચ્છાએ મતદારો પોતાનાં પસંદગીતા ઉમેદવારને મત આપવા ઉમટી પડ્યા હતાં. દરેક ઉમેદવારે પોત પોતાનો જીત નો દાવો કર્યો હતો. વહીવટી તંત્ર તથા પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિ સુલેહ થી મતદાનની કામગીરી પૂર્ણ થઈ હતી.

-અખંડ ભારત

## પારડી તાલુકાની ગ્રામ પંચાયતોની ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન



શાંતિલાલ પટેલ - પારડી તાલુકામાં ઉમરસાડી માછીવાડ ,ઉમરસાડી દેસાઈવાડ , કોટલાવ , મોટા વાઘછીપા , નિમખલ તથા નેવરી લખમાંપોર જેવા છ ગ્રામ પંચાયતો માં સભ્યો તથા સરપંચની ચૂંટણી નું મતદાન તથા નેવરી સોઢલવાડા,સુખેશ , પરવાસા દસવાડા, કુંભારિયા ,કલસર અને ચીવલ જેવા ગામોમાં પેટા ચૂંટણી નું મતદાન આજરોજ યોજાયું હતું જેમાં ઊમરસાડી માછીવાડ મા વૃધ્ધ વાલી બેન ટંડેલ તેમજ અન્ય વૃધ્ધ ઓ મતદાન કર્યું હતું. છેલ્લા કેટલાક સમયથી સરપંચો વિના વહીવટદાર દ્વારા ચાલતા ગ્રામ પંચાયતને લઈ આજરોજ યોજાયેલી સરપંચ અને સભ્યોની ચૂંટણીને લઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ખાસ કરીને આ ચૂંટણીમાં મહિલાઓએ ભાગ લેતા લાંબી લાંબી કતારો જોવા મળી હતી .પારડી પોલીસના ચુસ્ત બંદોબસ્ત ને લઈ આ ચૂંટણી ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી અને તમામ સરપંચો સભ્ય અને પેટા ચૂંટણીના સભ્યનું નસીબ મતદાન પેટીમાં સીલ થઈ જતા આગામી ૨૫ ૬ ૨૦૨૫ ના રોજ યોજનારી મતદાન ગણતરી બાદ હાર અને જીત બહાર આવશે સાંજે પાંચ વાગ્યે સુધી મા ૭૧% મતદાન નોંધાયું હતું.

-અખંડ ભારત


## પૂ.મોરારીબાપુના હસ્તે સન્માન કરાયું



કલ્પેશ બારોટ - વિજયભાઈ જોટવાને પરમ પૂજ્ય મોરારીબાપુના પાવન હસ્તે વિશિષ્ટ પત્રકારિતાની સેવાઓ બદલ ગૌરવપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા. તેમણે સંગીત, કલા અને સંસ્કૃતિના ક્ષેત્રે આવિસ્મર યોગદાન આપ્યું છે. આ પ્રસંગે ગુજરાત સરકાર, ગાંધીનગર માન્ય ભાટીયાની નવગુજરાત સંગીત વિદ્યાપીઠના અધ્યક્ષ તથા ગુજરાત સરકારના રજિસ્ટર્ડ સંગીતકાર (B.Ed. in Music) શ્રી કમલેશભાઈ બથીયા તરફથી હૃદયપૂર્વક શુભેચ્છાઓ અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

-અખંડ ભારત

## ગીર સોમનાથમાં ધો. ૧૦-૧૨ પૂરક પરીક્ષા આજથી, ૨૮૯૦ વિદ્યાર્થીઓ ૧૧ કેન્દ્રો પર હાજર.



ગીર સોમનાથ જિલ્લામાં આજથી ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાઓનો પ્રારંભ થયો છે. આ પરીક્ષાઓ ૨૩ જૂનથી ૩ જુલાઈ ૨૦૨૫ સુધી ચાલશે.જિલ્લા શિક્ષણાધિકારી એમ.પી. બોરીચાના જણાવ્યા અનુસાર, ધોરણ ૧૦ના ૨,૩૪૦ વિદ્યાર્થીઓ ૮ કેન્દ્રો પર પરીક્ષા આપશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૨૭૦ વિદ્યાર્થીઓ એક કેન્દ્ર પર અને વિજ્ઞાન પ્રવાહના ૨૮૦ વિદ્યાર્થીઓ એક કેન્દ્ર પર પરીક્ષા આપશે .પરીક્ષા ગેરરીતિ મુક્ત રહે તે માટે જિલ્લા કલેક્ટરે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તમામ પરીક્ષા કેન્દ્રો પર વર્ગ ૧ અને ૨ના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. પોલીસ વિભાગ દ્વારા સ્ટ્રોંગરૂમ અને પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## દાહોદ જિલ્લામાં ચાલીસ દિવસ સુધી કળશ યાત્રા યાત્રા પરીભ્રમણ કરશે



હસમુખ પ્રજાપતિ - દરેક મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગીય પરિસ્થિતિ નિર્માણ માટે,ઘર પરિવાર દેવ પરિવાર બને તેવા શુભ ઉદ્દેશ્ય સાથે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના સંસ્થાપક, સંરક્ષક,યુગઋષિ, વેદમૂર્તિ, તાપોનિષ્ઠ,પરમ પૂજ્ય ગુરુદેવ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજી ની તપ સાધના,અખંડ દીપક અને પરમ વંદનીયા માતાજી ભગવતી દેવી શર્માજી ની જન્મ શતાબ્દી ૨૦૨૬ ના ઉપલક્ષ્યમાં વિચાર ક્રાંતિ અભિયાનના દિવ્ય સંદેશ સાથે દિવ્ય જ્યોતિ કળશયાત્રા નું સિંગવડ તાલુકાના બોરગોટા ગામે આગમન થયું.

સિંગવડ તાલુકામાં ચાર દિવસ સુધી તાલુકાના વિભિન્ન ગામોમાં પરિભ્રમણ કરશે.આગામી ૨૫ જૂનથી લીમખેડા તાલુકામાં પ્રવેશ કરશે.દાહોદ જિલ્લામાં કુલ ચાલીસ દિવસ સુધી યાત્રા જિલ્લાના જુદા જુદા ગામોમાં પરિભ્રમણ કરશે.-અખંડ ભારત

## વસો તાલુકામાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાઈ



સોલંકી હસમુખ - વસો તાલુકાની સ્થાનિક સ્વરાજ ની સાત ગ્રામ પંચાયતની ચુંટણી યોજાઈ હતી.જેમાં મતદારો ઉત્સાહ ભેર મતદાન કરતા સરેરાશ રામોલ ૭૫%,પેટલી ૮૨.૩,નવાગામ (પે)૮૨% સાથે સરેરાશ ૭૭.૦૩%મતદાન થયું હતું તેમજ ૨ ગામ માં પેટા ચૂંટણી યોજાઈ જેમાં ૫૬. % મતદાન નોધાયું હતું.-અખંડ ભારત

## સાયલામાં સભા યોજાઈ




મુકેશ જીડીયા - સાયલા મંડલમા સંકલ્પ થી સિદ્ધિ તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સુસાશન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ અંતર્ગત વિકસિત ભારત સંકલ્પ સભા યોજવામાં આવી તથા વૃક્ષારોપણ પણ કરવામા આવ્યુ હતુ .આ સંકલ્પ સભામાં મુખ્ય ધારાસભ્ય કિરીટસિંહ રાણા તથા પ્રદેશ વકતા સલારભાઈ સદાતિયા મંડલના પ્રમુખ મહામત્રી તેમજ મોટી સંખ્યામાં ચુંટાયેલા તાલુકા, જીલ્લા પંચાયત સદસ્યો સંગઠન અને મોરચાના હોદેદારો અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

-અખંડ ભારત

## બાલાસિનોર તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોમાં શાંતિ પૂર્ણ રીતે ચૂંટણી સંપન્ન

મુકેશ પટેલ - બાલાસિનોર તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોમાં શાંતિ પૂર્ણ રીતે ચૂંટણી સંપન્ન થઈ છે.તાલુકામાં ગઢના મુવાડા ગ્રામ પંચાયતમાં માત્ર ૨૦ મત આપી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી.બાલાસિનોર તાલુકામાં કુલ ૭૯.૫૮ ટકા મતદાન નોંધાયું છે.તાલુકામાં વહીવટી વિભાગ અને પોલીસ વિભાગ સુમેળ આયોજન ભાગ રૂપે ચૂંટણી નિર્વિઘ્ને સંપન્ન થઈ હતી.

-અખંડ ભારત

## GCAS મુદ્દે NSUIનો તાળાબંધી પ્રયાસ, પોલીસ સાથે ઘર્ષણ, કાર્યકરોને ડબ્બામાં પૂર્યા



ગુજરાત સરકારના GCAS પોર્ટલની ખામીઓને કારણે વિદ્યાર્થીઓને પડી રહેલી હાલાકીને લઈને આજે NSUI દ્વારા ગાંધીનગર સ્થિત KCG ખાતે તાળાબંધીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જોકે, પોલીસે NSUI કાર્યકરોને ગેટ પર જ રોકી લેતા પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું અને પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી.ગુજરાત સરકાર દ્વારા તમામ સરકારી યુનિવર્સિટીઓ માટે લાવવામાં આવેલું GCAS પોર્ટલ ગત વર્ષની જેમ આ વર્ષે પણ હજારો વિદ્યાર્થીઓ માટે માથાનો દુખાવો બની ગયું છે. આ કોમન એડમિશન પોર્ટલની ખામીઓને કારણે સામાન્ય વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. NSUI દ્વારા અગાઉ પણ આ મુદ્દે રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ સમસ્યાઓ યથાવત્ રહેતા, NSUI આજે KCG ઓફિસ કે જ્યાંથી GCASની કામગીરી ચાલી રહી છે,

ત્યાં તાળાબંધીનો કાર્યક્રમ રાખવાનું નક્કી કર્યું હતું.

## બાયડ તાલુકાની ૨૧ ગ્રામ પંચાયતમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન



ત્રિલોક પંડ્યા - બાયડ તાલુકાની ૨૧ ગ્રામ પંચાયતોમાં વહેલી સવારથી મતદાન યોજાયું હતું વરસાદની ઋતુમાં લોકોએ શાંતિપૂર્ણ મતદાન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો , વડીલો, વૃદ્ધો મતદાન કરવા માટે મોટી સંખ્યામાં લાઈન માં જોવા મળ્યા હતા પંચાયતોમાં ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે બાયડ તાલુકાની સૌથી મોટી ગ્રામ પંચાયતો સાઠંબા અને ગાબટમાં મતદારોમાં ભારે મતદાન માટે ઉત્સાહ

વરસાદ પણ ઉમેદવારોની તરફદારી કરતો હોય તેમ વરસાદે વિરામ લીધો હતો.બાયડ તાલુકામાં પોલીસ ચુસ્ત બંદોબસ્ત સાથે સરેરાશ ૭૮.૧૩ ટકા મતદાન યોજાયું હતું.

-અખંડ ભારત

## ભાવડા ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ



અમૃતલાલ પરમાર - દસક્રોઈ તાલુકા ના ભાવડા ગામે ગ્રામ પંચાયતની શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થયું છે.ચૂંટણી લડતા ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં શીલ થઈ ગયું છે.હવે સ્થાનિક તમામ મતદારોની નજર ચૂંટણી પરિણામો ઉપર ટેકવાઈ છે.

-અખંડ ભારત

## હિરાપુરા ગ્રામ પંચાયતની યોજાઈ ચૂંટણી




યુસુફ કલાલ - ધનસુરા તાલુકાના હિરાપુર ગ્રામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદારોએ મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ચૂંટણી લડતા ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં શીલ કર્યું છે.

-અખંડ ભારત

## કડીમાં કમળ ખિલ્યું,ભાજપનો જંગી મતોથી વિજય



વિનાશ ચાવડા - ગુજરાત વિધાનસભાની કડી વિધાનસભા બેઠક ની યોજાયેલ પેટા ચૂંટણીનું મતગણતરી પ્રકીયા આજે હાથ ધરાતા કડી વિધાનસભા બેઠક ઉપર કમળ ખિલ્યું છે.ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાની ૩૮૯૦૪ જંગી મતોથી જનતા જનાર્દને જનાદેશ આપી દીધો છે.ભાજપની ભવ્ય જીત થતાં શહેર,તાલુકાના સંગઠનના હોદ્દેદારો,કાર્યકરો,જીતનો જશ્ન મનાવી વિજેતા ઉમેદવારને શુભેચ્છાઓ પાઠવી હતી.

-અખંડ ભારત

## ભાવનગરમાં સંકલ્પ સભા યોજાઈ




પિજાની નિલેશ - કેન્દ્ર સરકારના સુશાસનના ૧૧ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે આજરોજ ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગર ના અધ્યક્ષશ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ) ના માર્ગદર્શન મુજબ દક્ષિણ સરદારનગર અધેવાડા માં પ્રમુખશ્રી મિલનભાઈ પાઠક ની અધ્યક્ષતામાં તેમજ મુખ્ય વક્તાશ્રી અને કેન્દ્રીય મંત્રી અને ભાવનગરના લોકપ્રિય સાંસદ શ્રીમતી નિમુબેન બાંભણીયા ની વિશેષ ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ સભા યોજાઈ. હતી. -અખંડ ભારત

## ધારેવાડા ખાતે વૃક્ષારોપણ કરાયુ



રવિ પ્રજાપતિ - બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ધારેવાડા ના માજી સરપંચ અમૃતભાઈ દેસાઈએ રાષ્ટ્રીય વૃક્ષ એવા પાંચ વડનું વૃક્ષારોપણ કરી અંતિમ શ્વાસ સુધી જતન કરશે અને તેમને સાચવશે.આ દાદા દરેક જ્ઞાતી તથા સમાજ માટે પ્રેરણારૂપ છે.જે આવનારી ભાવિ પેઢીમાં પ્રાણ પુરવાનું તથા વૃક્ષારોપણ પ્રત્યે જાગૃતિ લાવવાનું કાર્ય કરી રહ્યા છે તથા તેઓ પોતાના પુત્રો તથા પૌત્રા, પૌત્રીઓને પણ આ ભગીરથ કાર્યમાં સહભાગી કરી રહ્યા છે.- અખંડ ભારત

## બોરસદમાં પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાયો



શર્મા દિનેશભાઈ - બોરસદ માર્કેટયાર્ડ ખાતે ભારતીય જનસંઘના સ્થાપક અને મહાન દેશભક્ત ડૉ શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા અને સંકલ્પ થી સિદ્ધિ સુધી નરેન્દ્રભાઈ મોદી ના કેન્દ્ર સરકાર મા ૧૧ વર્ષ પૂર્ણ નિમિતે સંકલ્પ સભા યોજી જેમા ગુજરાત પ્રદેશ માથી આવેલ વક્તા શ્રી નિતિન ભાઈ શાહ સાહેબ, આણંદ જિલ્લા ના પૂર્વ રાજ્ય સભા ના સાંસદ શ્રી લાલસિંહ વડોદિયા સાહેબ, સંગઠન ના તમામ હોદેદારો , શક્તિ કેન્દ્ર ના સંયોજક, નગર પાલિકા ના કાઉન્સિલર શ્રી, મોરચાના પ્રમુખ, અને શહેરના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## નર્મદા જિલ્લામાં મતગણતરી સંદર્ભે જાહેરનામું પ્રસિદ્ધ

જીતેન્દ્ર સોલંકી - રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા ગ્રામ પંચાયતોના ચૂંટણી કાર્યક્રમ અન્વયે નર્મદા જિલ્લાના કુલ ૧૧૨ ગ્રામ પંચાયતો માટે સામાન્ય, વિભાજન, મધ્યસત્ર તથા પેટા ચૂંટણીઓ માટે રવિવાર, તા. ૨૨/૦૬/ ૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધી મતદાન યોજાયું હતું.ચૂંટણી સંદર્ભે મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નાંદોદ તાલુકામાં આનંદભવન, શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય - વડીયા, તિલકવાડા તાલુકામાં કે. એમ. શાહ હાઈસ્કૂલ, ગરુડેશ્વર તાલુકા સેવાસદન, દેડિયાપાડા તાલુકામાં આદર્શ નિવાસી શાળા અને સાગબારા તાલુકા પંચાયત કચેરી ખાતે મતગણતરી યોજાનાર છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી સી. કે. ઉંધાડે જાહેરનામું પ્રસિદ્ધ કરીને જિલ્લાના ઉપરોક્ત મત ગણતરી કેન્દ્રની આસપાસ સવારના ૬:૦૦ કલાકથી મત ગણતરી પૂર્ણ થયાના બે કલાક સુધી આદર્શ આચાર સંહિતા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મત ગણતરી કેન્દ્ર અને તેની ૧૦૦ મીટર ત્રિજ્યા ના વિસ્તારમાં ચારથી વધુ વ્યક્તિઓ એકઠા થઈ શકશે નહિ.-અખંડ ભારત

## છોટા ઉદેપુરમાં ગટરો ઉભરાઈ



રથવા ફુલસિંગ- છોટાઉદેપુર જિલ્લામાં અવિરત્ વરસાદી માહોલ દરમ્યાન શ્રીજી સોસાયટીના નાકે આવેલ ગટર લાઈનો ઉભરાતા ગટરોના દૂષિત પાણી જાહેર માર્ગો ઉપર ફરી વળતા દુર્ગંધ યુક્ત પાણીથી રોગચાળો ફેલાવાની શક્યતા વર્તાઈ રહી છે.-અખંડ

## સાગવાડામાં ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો



નાયક ફળિયા સાગવાડા શાળાના અંદાજિત રકમ રૂપિયા ૭૨ લાખના ખર્ચે નવીન ૬ ઓરડાનું ખાતમુહૂર્ત ધારાસભ્ય નિમિષાબેનના હસ્તે કરવામાં આવ્યું હતું.આ તબક્કે શાળા પરિવાર,વિદ્યાર્થી ભાઈ-બહેનો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

## સનરાઈઝ સ્કુલમાં યોગ દિવસની ઉજવણી




ત્રિલોક પંડ્યા - બાયડ ખાતે આવેલી સનરાઈઝ સ્કુલમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો.૧ થી ૮ સુધીના બાળકોએ યોગ કર્યા હતા શાળાના સંચાલક ગઢવીભાઈ, હરીતાબેન તેમજ શાળાના સર્વ શિક્ષકોએ યોગ કર્યા હતા.યોગ વિશેની માહિતી સંચાલક રાજેશભાઈ ગઢવી માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં શિક્ષક ભાઈ-બહેનોએ સફળ બનાવ્યો હતો.

-અખંડ ભારત

## દેશની શ્રેષ્ઠ ગ્રામ પંચાયતના સરપંચે ધારાસભ્યની લીધી મુલાકાત



દેશની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત એવી તલોદ તાલુકાની પુંસરી ગ્રામ પંચાયતની વર્તમાન ચૂંટણીમાં બિનહરીફ સરપંચ તરીકે ચૂંટાઈ આવેલ નરેન્દ્રભાઈ એન પટેલ અને સાથી મિત્ર ઘનશ્યામ ચૌધરીએ આજે પ્રાંતિજ ધારાસભ્ય સાથે શુભેચ્છા મુલાકાત કરતા ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમારે નવનિયુક્ત સરપંચ નરેન્દ્રભાઈ પટેલને ફુલહાર પહેરાવી મોં મીઠું કરાવી બિનહરીફ સરપંચ પદે ચૂંટાઈ આવવા બદલ શુભેચ્છા પાઠવી આગામી સમયમાં ગામના સર્વાંગી વિકાસના પ્રશ્નો મુદ્દે પણ ચર્ચા વિચારણા કરી હતી.

-અખંડ ભારત

## ગુણા ગ્રા.પં. ચૂંટણીમાં મતદારોનો ઉત્સાહ



વિપુલ બારીયા - દાહોદના દેવગઢબારીયા તાલુકામાં ગુણા ગ્રામ પંચાયતના સરપંચ તથા વોર્ડના સભ્યો ની પેટાચૂંટણી માં મતદાન મથકે મહિલા મતદારો અને પુરુષ મતદારો ની ભારે ભીડ જોવા મળી હતી. સમગ્ર દેવગઢબારીયા તાલુકા માં ગ્રામ પંચાયતો ની પેટાચૂંટણી ઓ થઈ રહી છે ત્યારે દેવગઢ બારીયા તાલુકા ની સમગ્ર ગ્રામ પંચાયતોમાં સવાર થી જ મતદારો ની ભારે ભીડ જોવા મળી હતી આ વખતે મતદારો પોતાનો મતાધિકાર સમજી ને ઘરોમાંથી અને અમદાવાદ, વડોદરા, સુરત જેવા શહેરો માં મજૂરી અર્થે તેમજ ધંધા રોજગાર તેમજ પોતાની રોજી રોટી રોજગારી મેળવવા ગયેલા મતદારો મતદાન કરવા ઘરે પોતાના માદરે વતન પરત ફરતા જોવા મળ્યા હતા, જેથી મતદાન મથકે ભારે ઘસારો જોવા મળ્યો હતો. -અખંડ ભારત

## કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામુ



પ્રકાશભાઈ - કડી- વિસાવદરની પેટાચૂંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહીલે પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધુ છે.હવેથી શૈલેષ પરમાર પાર્ટીનું સુકાન સંભાળશે-અખંડ ભારત

## મતગણતરી મથકની ૧૦૦ મીટર વિસ્તારમાં ચાર કરતા વધુ વ્યક્તિઓએ ભેગા થવા પર પ્રતિબંધ

ઘિસારામ ચૌધરી - ૨૩: ગ્રામ પંચાયત ચૂંટણી-૨૦૨૫ અંતર્ગત આગામી તારીખ ૨૫ જૂન, ૨૦૨૫ને બુધવારના રોજ ડાંગ જિલ્લામાં મતગણતરી યોજાનાર છે.

જેમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ડાંગના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી વિ.કે.જોષીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ બહાર પ્રસિધ્ધ કરીને હુકમ કરેલ છે.આ જાહેરનામું તારીખ ૨૫/૦૬/ ૨૦૨૫ ના રોજ સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામું ૧. આહવા મતગણતરી કેન્દ્ર તાલુકા પ્રાથમિક શાળા આહવા, રૂમ નં.૩ થી ૬ નીચેના માળે અને રૂમ નં.૭ થી ૧૨ ઉપરના માળે, ૨. વઘઇ મતગણતરી હોલ-૧ તાલુકા સેવા સદન, વઘઇ ભોંય તળિયું (રૂમ નંબર ૧૭), તેમજ ૩. સુબીર મતગણતરી હોલ-૧/૨ તાલુકા સેવા સદન, સુબીર બીજો માળ (આગળના ભાગે ડાબી બાજુ) ના વિસ્તારને લાગુ પડશે.

-અખંડ ભારત

## ભાવનગરમાં રક્તદાન શિબિર યોજાઈ




ભાવનગર મહાનગરના પ્રભારીશ્રી મનીષભાઈ સંઘાણી ની વિશેષ ઉપસ્થિતિમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને પુષ્પાંજલિ કરવાનો કાર્યક્રમ યોજાયો. ત્યારબાદ ભાવનગર મહાનગર યુવા મોર્ચા દ્વારા આયોજીત ભાવનગર પૂર્વ વિધાનસભાની રક્તદાન શિબિર યોજાઈ.આ કાર્યક્રમમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ,

વિકાસભાઈ ચોઈથાની - ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગર ના કાર્યાલય ખાતે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના પર્યાય, ભારતીય જનસંઘના સંસ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે શહેર અધ્યક્ષશ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ) ની અધ્યક્ષતામાં તથા ગ્રાહક બાબતો, અન્ન, નાગરિક અને પુરવઠા, જાહેર વિતરણના કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી નિમુબેન બાંભણીયા અને ગુજરાત પ્રદેશ યુવા મોર્ચાના ઉપાધ્યક્ષ તથા શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ, તમામ પૂર્વ વિધાનસભાના પ્રમુખશ્રી - મહામંત્રીશ્રીઓ, યુવા મોર્ચાના શહેર અને વોર્ડના હોદ્દેદારશ્રીઓ તેમજ રક્તદાતાશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.-અખંડ ભારત

## તલોદ ન.પા.હોલ ખાતે પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો



ડૉ.શ્યામા પ્રસાદ મુખરજીના બલિદાન દિવસ નિમિત્તે તલોદ નગરપાલિકા હોલ ખાતે પુષ્પાંજલી કાર્યક્રમનું તલોદ શહેર ભાજપ દ્વારા આયોજન કરવામાં આવતા શહેર પ્રમુખ કૌશલ ગજ્જર,સંગઠનના હોદ્દારો ,ન.પા.પ્રમુખ રમિલાબેન ચાવડા,મયુર પારેખ,સહિત ચૂંટાયેલા કોર્પોરેટરો,કાર્યકરો,સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પુષ્પાંજલી અર્પણ કરી તેમના સંસ્મરણોને વાગોળ્યા હતા.

-અખંડ ભારત

## સુંરતમાં ૯ ઈંચ વરસાદથી સર્વત્ર જળ બંબાકાર

સુરત જિલ્લાને મેઘરાજાએ ઘમરોળ્યું છે. સુરતના અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. બારડોલી નગર પણ વરસાદથી પ્રભાવિત થયું છે. ધોધમાર વરસાદમાં વોર્ડ નંબર ૪માં આવેલા વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા છે. નગર ના આશાપુરી મંદિર નજીક વરસાદી પાણી ભરાયા છે. ત્યારે શાસ્ત્રી રોડથી આશાપુરા મંદિરે જતો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. વરસાદી પાણી ભરાતા વાહન ચલાકો તેમજ રાહદારીને ભારે હાલાકી પડી રહી છે. પાલિકા તંત્રની પહેલા વરસાદે જ પોલ ખોલી કાઢી છે.સુરતના બારડોલીમાં ધોધમાર વરસાદને કારણે બારડોલી સુગર નજીક ગરનાળુ પાણીમાં ગરકાવ થયું હતું. ગરનાળામાં પાણી ભરાતા વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે અને વાહનોની અવરજવર કરવા માટે રેલવે ફાટકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ધોધમાર વરસાદના કારણે અનેક લોકો ફસાયા છે. ઠેર ઠેર પાણી ભરાઈ જતા લોકો રસ્તામાં ફસાયા છે. ૨-૩ કલાક સુધી વાહનોના કારણે ભારે ટ્રાફિકજામ સર્જાયો છે. ત્યારે લોકોએ તંત્રની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે.એક એમ્બ્યુલન્સ પણ ટ્રાફિક જામમાં ફસાઈ ગઈ હતી.બીજી તરફ વરસાદના કારણે રાંદેર કતારગામને જોડતો કોઝવે ઓવરફ્લો થયો હતો અને કોઝવે ઓવરફ્લો થતાં વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. હાલમાં કોઝવે નજીક કોઈ મોટી દુર્ઘટના ના બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

શહેરના જુદાજુદા વિસ્તારમાં પાણી ભરાયા છે.સુરત શહેરમાં સૌથી વધુ ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. કામરેજમાં ૬.૫૦ ઈંચ, પલસાણામાં ૫.૩૯ ઈંચ, બારડોલીમાં ૪.૦૯ ઈંચ, ઓલપાડમાં ૩.૬૬ ઈંચ, માંડવીમાં ૨.૭૬ ઈંચ, માંગરોળમાં ૨.૨૮ ઈંચ અને ચોર્યાશીમાં ૨.૨૫ ઈંચ વરસાદ વરસતા સર્વત્ર જળબંબાકાર જેવી સ્થિતી જોવા મળી હતી.

## મુંબઈ થી ઉદેપુર રેલ સેવા શરૂ કરવા સાંસદને રજૂઆત



સંજીવ શર્મા - સાબરકાંઠા અને અરવલ્લીનાં મુંબઈ અને મહારાષ્ટ્રનાં અન્ય ભાગોમાં રહેતા હજારો રેલ પ્રવાસીઓ માટે વર્ષ ૨૦૦૪થી વિવિધ સમાજોના અગ્રણીઓ અને સંસ્થાઓની બનેલી સાબરકાંઠા રેલ વિકાસ સમિતી દ્વારા રેલવેનાં વિકાસ માટેની સમિતીનું ગઠન કરી રેલ વિકાસનાં કાર્યો માટે પ્રયત્નો શરૂ કર્યા.સૌથી વધારે સમયથી વેસ્ટર્ન રેલવેની ઝેડઆરયુસીસીની કમિટીના સભ્ય તરીકે સેવા આપનાર અને સાબરકાંઠા તથા ત્યારબાદ નવા રચાયેલા અરવલ્લી જીલ્લાની સાબરકાંઠા-અરવલ્લી રેલ વિકાસ સમિતીના સ્થાપક-પ્રમુખ પ્રફુલ્લ ઉપાધ્યાનનાં સતત અને અવિરત પ્રયત્નો થકી ૨૦૦૮-૦૯નાં બજેટમાં તત્કાલિન રેલવે રાજ્ય મંત્રી શ્રી નારણભાઈ રાઠવા દ્વારા રેલ બજેટમાં અમદાવાદ-ઉદયપુર ગેઝ કન્વર્ઝનને માન્યતા આપવામાં આવેલી.આ બાબતે સાબરકાંઠા-અરવલ્લી રેલ વિકાસ સમિતીના સ્થાનિકનાં સદસ્યો જીતેન્દ્રભાઈ ત્રિવેદી, બાબુભાઈ કુકડિયા, ગિરીશભાઈ ઉપાધ્યાય તથા વેસ્ટર્ન રેલવેનાં સૌથી વધારે વખત ઝેડઆરયુસીસીના મેમ્બર તરીકે સેવા આપનાર આ સંસ્થાનાં પ્રમુખ પ્રફુલ્લ ઉપાધ્યાય દ્વારા સંસ્થા તરફથી અને શ્રી ત્રિવેદી મેવાડા બારિશી સમાજનાં લોકોની માગણીના સંદર્ભે યુવક સંઘના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય દ્વારા સાબરકાંઠા અને અરવલ્લીનાં રેલવેની સમસ્યાઓ અને રેલ વિકાસ માટે સતત અને અવિરત કાર્યરત પ્રયત્નશીલ અને ચિંતિત સાંસદ શ્રીમતિ શોભનાબેન બારૈયા દ્વારા હિંમતનગર ખાતે વેસ્ટર્ન અને નોર્થ વેસ્ટર્ન રેલવેનાં પદાધિકારીઓ અને સાબરકાંઠાનાં જીલ્લાનાં કલેક્ટરશ્રી સાથેની રેલવેની સમસ્યાઓ બાબતે બોલાવેલી મીટિંગમાં મુંબઈથી સીધી હિંમતનગર સુધી તથા ઉદયપુર સુધીની રેલ સેવાઓ શરૂ કરવા માટે પ્રફુલ્લ ઉપાધ્યાય દ્વારા રજૂઆત કરવામાં આવી હતી -અખંડ ભારત

## રેલ્લાવાડા ખાતે યોગ દિવસની ઉજવણી કરાઈ



શૈલેષ પંચાલ - મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ખાતે આવેલ નચિકેતા ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૨૧ જૂનના રોજ અંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે પ્રી-પ્રાઈમરી વિભાગના નાના - નાના ભૂલકાઓને શાળાના પટાંગણમાં ખાસ યોગ કાર્યક્રમ યોજાયો હતો. બાળકોએ શિક્ષકોની માર્ગદર્શન હેઠળ સરળ અને મઝેદાર યોગાસન તેમજ શ્વાસના વ્યાયામ (પ્રાણાયામ) કર્યા હતા.કાર્યક્રમની શરૂઆત 'ઓમકાર' તેમજ યોગ પ્રાર્થના સાથે કરવામાં આવી હતી.પછી બાળકોને યોગ વિશેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. બાળકોને તાડાસન, વૃક્ષાસન, બેઠકના યોગાસનો જેવા સરળ અને સુરક્ષિત આસનો કરાવ્યા હતા. બાળકોમાં યોગ પ્રત્યે રુચિ ઊભી થાય એ હેતુથી યોગને રમતમાં ફેરવીને રજૂ કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યશ્રીએ જણાવ્યું કે નાનપણથી જ યોગની તાલીમ આપવાથી બાળકો તંદુરસ્ત શરીર અને શાંત મન સાથે બાળકો તૈયાર થાય છે.- અખંડ ભારત

## ડાંગમાં સામાન્ય ચૂંટણીમાં કુલ ૮૯.૫૨ ટકા મતદાન નોંધાયું



ઘિસારામ ચૌધરી - ડાંગ જિલ્લામાં તારીખ ૨૨ જૂન ૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા દરમિયાન ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન યોજવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની કુલ ૪૨ ગ્રામ પંચાયતોમાં ૩૭ સરપંચ અને ૨૩૪ વોર્ડ સભ્યોની ચૂંટણી માટે સાંજે ૬ વાગ્યાં પુરાં થતાં કુલ ૮૯.૫૨ ટકા મતદાન નોંધવા પામ્યુ હતું.ડાંગ જિલ્લાના આહવા તાલુકામા ૧૭ પંચાયતમાં નોંધાયેલા ૧૨,૪૯૧ પુરુષ મતદારો અને ૧૨,૨૭૪ સ્ત્રી મતદારો મળી કુલ ૨૪,૭૬૫ મતદારો પૈકી સાંજના ૬ વાગ્યા સુધીમાં ૧૧,૨૮૬ પુરુષ અને ૧૦,૭૮૯ સ્ત્રી મળી કુલ ૨૨,૦૭૫ મતદારોએ મતદાન કરતા અહી ૮૯.૧૪ ટકા મતદાન નોંધાયુ હતું.જ્યારે વઘઇ તાલુકામા ૧૨ પંચાયતોમા નોંધાયેલા ૮,૨૬૨ પુરુષ મતદારો અને ૮,૫૪૩ સ્ત્રી મતદારો મળી કુલ ૧૬,૮૦૫ મતદારો પૈકી ૭,૫૩૦ પુરુષ અને ૭,૫૭૭ સ્ત્રી મળી કુલ ૧૫,૧૦૭ મતદારોએ મતદાન કરતા અહી ૮૯.૯૦ ટકા, અને સુબિર તાલુકામા ૧૨ પંચાયતોમા નોંધાયેલા ૧૦,૦૫૪ પુરુષ મતદારો અને ૯,૮૯૧ સ્ત્રી મતદારો મળી કુલ ૧૯,૯૪૫ મતદારો પૈકી ૯,૧૯૦ પુરુષ અને ૮,૬૯૪ સ્ત્રી મળી કુલ ૧૭,૮૮૪ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા અહી ૮૯.૬૭ ટકા મતદાન નોંધાયુ હતું.ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રની સમગ્ર ટીમ દ્વારા તા. ૨૨ જૂનના રોજ સવારે ૭ વાંગ્યા થી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

જે સાંજના ૬ વાગ્યાં સુધી શાંતિ પૂર્ણ માહોલમાં સપન્ન થઇ હતી. આ સાથે જ લોકશાહીના આ પર્વમાં ભાગ લેવા માટે મતદાન માટે લોકોમાં અનેરો ઉમળકો અને ઉત્સાહ જોવા મળ્યો હતો. મતદારો વહેલી સવારથી જ મતદાન મથકો પર ઉમટયા હતા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

-અખંડ ભારત

## નેત્રંગમાં દિકરીઓએ પુત્રધર્મ નિભાવ્યો



પ્રતિક પ્રજાપતિ - નેત્રંગ નગરના ગાંધીબજાર વિસ્તારમાં રહેતા અને હાલ ચાર રસ્તા ખાતે આવેલ જંગ્ગનાથ કોમ્પ્લેક્ષ ખાતે રહેતા વેપારી એવા જયંતીભાઈ હિંમતલાલ ગાંધી જેવો ને સંતાનમાં માત્ર ત્રણ પુત્રીઓ મોનાલી,વંદના,કિષ્ના હોય, જયંતીભાઈ છેલ્લા કેટલાક સમય થી બીમાર રહેતા હતા, જેવોનું ગઇ કાલે તા.૨૨ ના રોજ સાંજના સમય દુઃખદ અવસાન થતા આજે સવારે તેમની અંતિમ યાત્રા નિકળી હતી. કેલ્વીકુવા ગામે આવેલ સ્મશાન ગૃહ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.આ પસંગે જયંતીભાઈ ગાંધીની ત્રણે પુત્રીઓ એ પોતાના પિતરાઈભાઈ મયુર જયનારાયણભાઈ ગાંધી સાથે પિતાના પાર્થિવદેહને મુખાગ્નિન આપી પુત્રની ગરજ ત્રણે પુત્રીઓએ સારી હતી.

-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697